
ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૧ || અંક:૧૧ || નવેમ્બર ૨૦૧૯ || સળંગ અંક : ૫૭૭

# વિ-વિદ્યાનગર



चारुतर विद्यामंडल – वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.co.in



ચારુતર વિદ્યામંડળ સંચાલિત જીસેટ કોલેજ યુથ ફેસ્ટિવલ ક્ષિતિજ-૨૦૧૯માં ચેમ્પિયન બનતા વિજેતા વિદ્યાર્થીઓ, સંસ્થાના કલ્ચરલ કન્વીનર ડો. યોગેશ ચૌહાણ તથા પ્રિન્સિપાલ શ્રી હિમાંશુ સોનીને અભિનંદન પાઠવતા સીવીએમના ચેરમેન શ્રી ભીખુભાઈ પટેલ તથા માનદ્ મંત્રી શ્રી શાંતિભાઈ પટેલ દૃષ્યમાન થાય છે.




ચારુતર વિદ્યામંડળ(સીવીએમ) સંચાલિત ‘સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓન લાઈફ એન્ડ વર્કસ ઓફ સરદાર વલ્લભભાઈ પટેલ (સેરલિપ) સંસ્થા દ્વારા યોજાયેલ આંતર કોલેજ વક્તૃત્ત્વ સ્પર્ધાનું દીપ પ્રગટાવી ઉદઘાટ્ન કરતાં સેરલિપ સંસ્થાના કા.નિયામિકા ડૉ.અર્ચના બંસોડ, નલિની સંસ્થાના આચાર્ય ડૉ.એમ.જી.મન્સુરી, મુખ્ય નિર્ણાયકો સરદાર મેમોરિયલના પૂર્વ સેક્રેટરી શ્રી રમેશભાઈ પ્રજાપતિ, સરદાર પટેલ યુનિવર્સિટીના સાયકોલોજી વિભાગના પ્રોફેસર ડૉ.સમીર પટેલ અને ગુજરાતી વિભાગના રાજેશ્વરીબેન પટેલ દૃષ્યમાન થાય છે.




વિ-વિદ્યાનગર

ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

નવેમ્બર – ૨૦૧૯

વર્ષ: ૨૧ અંક: ૧૧

સળંગ અંક: ૫૭૭

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

સ્થાપના વર્ષ: ૧૯૪૫


कर्मण्येवाधिकारस्ते


તંત્રી

ઉર્વીશ છાયા

પરામર્શન

નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા

જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ

આર.પી. પટેલ

સંપાદન-સહાય

અનિતા એ. સાળુંકે, વિજય સુથાર

અધ્યક્ષ

શ્રી ભીખુભાઈ બી. પટેલ

માનદ મંત્રી

ડૉ.એસ.જી. પટેલ

કુલપતિ

ડૉ. ભાવેશ પટેલ

માનદ સહમંત્રીઓ

શ્રી બી.પી. પટેલ • શ્રી મેહુલ ડી. પટેલ • શ્રી આર.સી. તલાટી

• શ્રી વી. એચ. પટેલ • શ્રી કે.એસ. પટેલ



પ્રકાશક

ડૉ.એસ.જી. પટેલ

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

મુદ્રક

લજ્જા કોમ્યુનિકેશન્સ, વલ્લભ વિદ્યાનગર


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કોલેજ.


• અંકની છૂટક કિંમત: ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમ: ₹ ૧૫૦/-

• વિદ્યાર્થી લવાજમ: ₹૧૦૦/- • આજીવન લવાજમ: ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર
'વિ-વિદ્યાનગર' **www.vvidyanagar.co.in**
પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને
પ્રતિભાવ જણાવવા વિનંતી.

**काशैर्मही शिशिरदीधितिना रजन्यो हंसैर्जलानि**
**सरितां कुमुदैः सरांसि।**
**सप्तच्छदैः कुसुमभारनतैर्वनान्ताः**
**शुक्लीकृतान्युपवनानि च मालतीभिः**

સંદર્ભ : કાલિદાસ ગ્રન્થાવલી

काश से पृथिवी, शीत किरणों वाले चन्द्र से रात्रियाँ, हंसों से नदियों के जल, कुमुदों से तालाब, सप्तच्छदों के फूलों से नम्र पेड़ों से वनों के प्रान्तभाग तथा मालती के फूलों से उपवन सफेद-सफेद दिखलायी पड़ रहे हैं।


|| કુલપતિની કલમે || Indian Constitution and Education in India
» **ડૉ. ભાવેશ પટેલ**........................૦૩

|| પ્રાથમ્ય || કૃતનિશ્ચયી
» **એસ.જી.પટેલ**..............................૦૫

|| આપણો વૈભવ અને વારસો || (પદ્ય વિભાગ)
» **રમેશ પારેખ** ..............................૦૭

|| નવાં કાવ્યો ||
» **સુધીર પટેલ, સાહિલ, જીતેન્દ્ર મેકવાન, નરેશ સોલંકી**........................................૦૮

|| આપણો વૈભવ અને વારસો || (ગદ્ય વિભાગ)
''કેટલી વાર કહેવું ?''
» **ગિજુભાઈ બધેકા**..........................૦૯

|| વિશેષ || ગાંધીજી-વિવાદોની પારનું વ્યક્તિત્વ-૨
» **નરેશ વેદ** ..................................૧૦

|| ચિંતન || વૃક્ષ કરે યજ્ઞ
» **ઈશ્વરભાઈ વાઘેલા**..........................૧૩

|| સમીક્ષા || 'પ્રસવ': સંવેદનાસભર વાર્તાસંગ્રહ
» **અમિત ચૌહાણ** ............................૧૫

|| નિબંધ || આંખોની ઉજાણી : ઊટી
» **હરીશ મહુવાકર**............................૧૮

|| અભ્યાસ || વ્યવસાયિક ક્ષેત્રે સ્ત્રીઓની બેવડી ભૂમિકા-એક સંઘર્ષ
» **બલભદ્રસિંહ એન સોલંકી** .................૨૧

|| વાર્તા || શરત
» **પન્ના ત્રિવેદી**..............................૨૫

|| Book Review || History of Higher Education in India with Focus on Gujarat.
» **Rajendrasinh Jadeja**................૨૯

|| રમત-જગત || **બેડમિંટન સામ્રાજ્ઞીઃ પી.વી. સિંધુ**
» **પી.ડી. શર્મા**................................ ૩૧

|| વિદ્યાવૃત્ત ||
» **૧૨, ૧૭, ૨૩, ૨૪, ૨૮, ૩૦**

# Indian Constitution and Education in India
## Dr. Bhavesh Patel

26 November 1949: The Constitution of India was passed and adopted by the assembly and became effective on 26 January 1950

The first National Education Policy of independent India was announced only in 1968. However, from the date of independence, several steps were taken to strengthen the school education and higher education. These steps were possible because the Indian Constitution, which was passed and adopted by Parliament on 26th November 1949 and which became effective on 26th January 1950, contained several articles in it on education subject. This article, therefore looks at the important provisions made regarding education in the original Constitutions of India and subsequent amendments therein.

## Indian Constitution on Education

Indian Constitution has recognised the Indian diversity, poverty level, linguistic and cultural pride and its preservation, underprivileged sections of the society like women and some caste, need for promoting one language that can integrate India, the significance of vernacular language in education, need for academic standards and research and more. This article briefly outlines some of the articles, amendments and entries of the Indian Constitution that are concerning education in India. This list will help us appreciate the foresight of the Constitution Committee for laying a solid foundation of education for speeding up economic growth while maintaining the social balance.

Article 45, the directive principles of State Policy directed the States to endeavour to provide free and compulsory education within 10 years from the date of the Constitution, to all children up to the age of 14 years.

Article 30 of the Indian Constitution addresses cultural and educational rights to establish and administer educational institutions based on religion and language.

Article 29(a) makes provision for rights for conservation of a distinct language or culture by any section of citizens. Thus, it provides safeguard for providing linguistic minorities.

Article 15, 17 and 46 addresses the educational rights of socially and educationally weaker sections of India as the directive principle.

Regarding secular education, Article 25(1) provides a constitutional guarantee to all citizens the right to have freedom of conscience and right to profess, practice and propagate religion. Article 28(1) prohibits religious instructions in any educational institution if wholly maintained out of state funds. Article 28(2) states that however, article 28(1) shall not apply to an educational institution administered by state but established under any endowment or Trust, even if they are helped by the State. Article 28(3) makes provision that a person attending state institution or institution aided by the state shall not be required to take part in any religious instruction or attend any religious workshop without his consent or guardian's consent if he is minor. Article 30 provides that the state shall not take into consideration in granting funds to educational institution based on religion, race, caste, language or any of them.

Article 29(1) provides equal opportunity in educational institutions. Accordingly, no citizen can be denied admission in any educational institution maintained or funded by the state, on the grounds of only religion, race, caste, language or any of them. This clause protects the fundamental right of the citizens.

Article 26(1) lays emphasis on the fundamental right to study in one's own mother tongue. Article 350A directs the states to provide adequate facilities for mother tongue based instructions at the primary stage education and to linguistic minority groups. In 1952-53 Secondary Education Commission recommended imparting secondary school education in the mother tongue. Later in 1964-65, the Kothari Commission recommended imparting college-level education in colleges and Universities in the mother tongue.

Along the side, Article 351 makes provision for the promotion and spread of Hindi, so that it can be established as a link language for India. The role for promoting Hindi was expected from educational institutions.

The Constitution of India confers exclusive rights to enact legislation in respect of the institutions and Union Agencies mentioned in entries 63, 64, 65 and 66 of list. For example, as the Banaras Hindu University, the Aligarh Muslim and the Delhi University were in this list and Parliament, by passing an act, declared them as Institutions of National Importance. A few more institutions later on IIMs, AIIMS, IITs, NITs, and many more institutes were established through the special act of parliament, as Institutions of National Importance. These entries enable the Union to coordinate and determine standards of higher education and research in scientific and technical institutions.

Indian constitution also addresses concerns about women education. While Article 15(1) permits no discrimination based on gender and other, Article 15(3) specifically states that no article shall prevent the states from making any special provision for women and children.

Entry 13 of the Union List has made provision for educational and cultural relations with foreign countries.

Later on, the 42nd Constitutional Amendment 1976 brought five subjects out of original 52 under the concurrent list (or List II, Seventh Schedule). The residual powers have remained with the Union Government.

The 86th amendment of constitution inserted in Article 21A, passed in 2002, made education a fundamental right for the age group 6 to 14, and under that constitutional provision enacted the Right of Children to Free and Compulsory Education Act, popularly known as Right-to-Education (RTE) Act, which came in force in 2010.

---

Kulpati
CharutarVidya Mandal

This article is largely adapted from "12 Major Constitutional Provisions on Education in India" shared by Z. Khan at http://www.yourarticlelibrary.com/ constitution / 12-major-constitutional-provisions-on-education-in-india / 45230 and accessed on 7th October 2019.

## કૃતનિશ્ચયી

એસ. જી. પટેલ

આપણા અભિપ્રાયો, લાગણીઓ, અભિગમો અને હક્કોને સ્પષ્ટ રીતે અને પ્રમાણિકપણે રજૂ કરવાની ક્ષમતાને Assertiveness કૃતનિશ્ચયીનો ગુણ માનવામાં આવે છે. આ ગુણને પ્રદર્શિત કરતાં કોઈપણ જાતની વ્યગ્રતા ન થાય અને સામેવાળી વ્યક્તિના હક્કો કે વ્યક્તિત્વની અવગણના પણ ન થાય એ ખૂબ જ જરૂરી છે. ઘણીવાર એવું બને છે કે આપણી આસપાસના લોકોને કારણે અથવા કામકાજના ભારણને લીધે જીવન તણાવભર્યું લાગતું હોય છે. હકીકતમાં આપણી કાર્યશૈલી અને જીવન જીવવાની આદતોમાં થોડોક વળાંક ઊભો કરવો પડે છે. આ જગતમાં કોઈપણ વ્યક્તિ કે પરિસ્થિતિ આપણી પોતાની પરવાનગી વગર પરેશાન કરી શકે નહીં. શોધવા કોશિશ કરો કે તમો કયા કારણસર હેરાન થઈ તણાવ અનુભવો છો અને આપણી કઈ વાણી, વર્તન અને કર્મમાં ફેરફાર કરીએ તો દબાણમુક્ત થવાય.

જો તમો તમારી લાગણીઓને દબાવી રાખી શકતા હો અને શરીર પરના સ્નાયુઓને એવા નિયંત્રણમાં રાખો કે જેથી તમારી અંદર મનમાં ચાલતા હાવભાવ પ્રદર્શિત ન થઈ જાય તો તમો તમારા સ્વને સાચવી શકશો અને વધારે સ્વસ્થતા પામશો. તમારી શ્વસન ક્રિયા નિયમિત રહી વધારે મક્કમતા ધારણ કરી લાગણીઓ પર મજબૂત નિયંત્રણ લાવી શકશો. સ્વસ્થ વાર્તાલાપ કૌશલ્ય કેળવવા નીચેના ઉપાયો અપનાવી શકાય.

૧. **તમારી જરૂરિયાતો અને અપેક્ષાઓ સ્પષ્ટ કરોઃ-** અડગ કોમ્યુનિકેશનમાં સંવેદનાઓ, જરૂરિયાતો, અપેક્ષાઓ અને અભિપ્રાયો પ્રત્યે સન્માન હોય છે. સારો સંવાદક બીજાઓના હક્કોનું ઉલ્લંઘન થતું ટાળે છે અને પોતાની કહેવાની વાત અસરકારક રીતે સ્પષ્ટ કરે છે. તે એવા શબ્દોનો ઉપયોગ કરે કે જેનાથી પોતાનું મંતવ્ય સ્પષ્ટ કરી જરૂરિયાતો શાંતિપૂર્વક રજૂ કરે છે. તેમની વાત કરવાની શૈલી વિરોધીઓ પણ સ્વીકારવા મજબૂર કરે એવી હોય.

૨. **અડગ સંચાર કરવા માટે શાબ્દિક લક્ષણો શીખોઃ-** યોગ્ય સમયે યોગ્ય શબ્દપ્રયોગ કરવાથી સન્માન, સહૃદયતા અને મક્કમતાનાં દર્શન થાય છે. આ બાબતમાં શાબ્દિક મધુરતા, અવાજની સ્પષ્ટતા, સૂરમાં ચઢાવ-ઉતાર અને સહકારની ભાવના સાથે સર્જનાત્મકતા આવવી જોઈએ.

૩. **અશાબ્દિક લક્ષણોની કાળજી રાખોઃ-**વાણી વ્યવહારમાં શબ્દોની જેટલી અસરકારકતા છે એટલી જ અશાબ્દિક હાવભાવની જરૂર પડે છે. તેમાં ધ્યાનપૂર્વક શ્રવણ, આંખથી આંખ સુધીની સમીપતા, સંમતિદર્શક મુખારવિંદવાળું હાસ્ય, ગુસ્સાના ભાવ માટે ભવાં ચઢી જવા વિગેરેનો સમાવેશ થતો હોય છે.

૪. **મૌલિક વિચારો વ્યવહારમાં આવવા દોઃ-** અડગતા ધરાવતા લોકો કુદરતી રીતે જ મક્કમતાના ભાવ ધરાવતા શબ્દો બોલો, જેમકે ''મારે એમાંથી કોઈ ફાયદો ઉઠાવવાનો નથી'', ''હું કંઈ હુમલો કરવાના આશયથી નથી આવ્યો'', ''હું મારી જાત માટે માન-અપમાન સહન કરી લઈશ'', હું મારી જાતે સ્પષ્ટ અને સીધું કહી દઈશ''.

૫. **આક્રમકતા ટાળોઃ-** કેટલીક વાર સ્પષ્ટ વક્તાપણું દર્શાવતાં ક્યાંક વિવેકચૂક થતાં આક્રમકતા સવાર થઈ જાય છે. તેના લીધે તમારી અપેક્ષાઓ, લાગણીઓ, અભિપ્રાયો વિગેરેમાં ખંડનાત્મક્તા વધી જાય છે તેના પરિણામે સામાવાળી વ્યક્તિની સલામતી જોખમાય છે. આમાં ચર્ચામાં ઉગ્રતા વ્યાપી જતાં ઘણા અર્થના અનર્થોમાં રૂપાંતર થતાં વાર લાગતી નથી. એટલે સાવચેત બનો કે Assertiveness ભૂલે ચૂકે Aggressive ન બની જાય.

૬. **નિષ્ક્રિય વાતચીત સમજોઃ-** શાંતિ અને ધારણાઓ બાંધી લેવી એ નિષ્ક્રિય વાર્તાલાપનાં લક્ષણો છે. નિષ્ક્રિય વાર્તાલાપથી પોતાની જ રજૂઆત પર પ્રશ્નાર્થ ઊભા થાય છે, જે કંઈ મુદ્દાઓની ચર્ચા કરવી અત્યંત જરૂરી હોવા છતાં જો બોલવાની વાત યોગ્ય સમયે ન બોલાય તો ફલશ્રુતિની કોઈ સારી અપેક્ષા રાખી શકાય નહીં.

જ્યારે બે કે વધારે લોકો એકબીજા સાથે જોડાય, એકબીજામાં રસ લેતા થાય, પરસ્પર સન્માનથી વાતચીત કરતા થાય ત્યારે તેમની વચ્ચે માનવીય સંબંધ બંધાયો એમ કહેવાય. સંબંધોને આધ્યાત્મિકતા વિશિષ્ટ ગહન

દૃષ્ટિકોણથી જુએ છે-આપણે જે કંઈ જોઈએ કે કહીએ (એકબીજાને) એટલા માત્રથી સંબંધ બંધાતો નથી, પણ આપણે એકબીજા માટે કેવું વિચારીએ છીએ તે પ્રમાણે સંબધ બંધાય છે કે સંબંધોમાં તડ પડે છે એટલે કે-

Relationships, when seen from a spiritual view point, are an exchange of energy at the level of thoughts and feelings, and then words and actions thereafter.

સંબંધો એ આપણા જીવનની અમૂલ્ય મૂડી છે અને સુખ માટે અગત્યનો સ્રોત છે. આ સંબંધોને સફળ બનાવવા એટલે કે સકારાત્મક સંબંધમાં મૂડી વધારવી અને એમના થકી આનંદની સતત અનુભૂતિ થવી-તે માટે સાચી માન્યતાઓનો આધાર સમજવો. આપણા અંદરોઅંદરના સંબંધોમાં એવી ગેરસમજ પ્રવર્તમાન છે કે-લોકો જેવું બોલે, કરે, રીતભાતથી વર્તે એમાં બધું આવી જાય છતાં તેઓ ખરેખર અંદરથી કેવો વિચાર કરે છે તેનો ખ્યાલ રહેતો નથી, કારણ કે આપણે પણ આવી બાબતોનો ખ્યાલ રાખતા નથી. હકીકતમાં વિચારો અસંખ્ય, વધારે શક્તિ શાળી અને સૂક્ષ્મ સ્વરૂપ ધરાવતા હોવાથી તેમની ઝડપ શબ્દો કરતાં અનેકગણી વધારે હોય છે. તેથી જ જ્યારે કોઈની પણ સાથે વાત-વિનિમય કરતા હોઈએ ત્યારે ધ્યાન રાખીએ કે આપણો પ્રતિભાવ આપણા વિચારો સાથે સુસંગત હોય જ. જો આપણામાં નકારાત્મક વિચારો ચાલતા હોય કે જેમાં કંઈક અંશે તિરસ્કારનો ભાવ, લોભ, મોહ, સ્વાર્થ, અહં, ભય જેવા દૂષણો ભળેલા હોય તો તેનાથી આપણને સંતોષ થતો નથી તેમ જ બીજી વ્યક્તિને પણ અસંતોષ રહ્યા કરશે.

In all our relationships, it is the intention, the packets of thought energy or vibrations that we transmit, which matters more than actions.

આપણા આંતરમનમાં ચાલતા પ્રવાહો પ્રમાણે જ સંબંધોની માવજત થતી રહે તો જ સંબંધોમાં સાચી પારદર્શકતા સચવાય. જ્યારે નકારાત્મક રંગોથી રંગાયેલા વિચારો સાથે સારી સારી વાતો કરવાથી સાંભળનારને દુઃખની લાગણી જન્મશે, ભલે આપણે એમના ભલા માટે બોલતા હોઈએ.

પતિ-પત્નીના સંબંધો, કેટલીક વાર રેતીના કિલ્લા જેવા-આંખને ગમી જાય-આનંદ અપાવે, પણ એનો પાયો નબળો હોવાથી વિનાશક ભરતી આવતાં-એટલે કે ભિન્ન સંસ્કારો-માન્યતાઓના આવેશમાં ખંડિત થતાં વાર લાગતી નથી. આવા સંબંધોમાં રેતીના કિલ્લાની જેમ બહારથી બહુ જ સરસ લાગે, કારણ કે એકબીજા પ્રત્યેનો વિશ્વાસ, સ્વીકાર, સમજ અને ભૂલ માફ કરી દેવાની ભાવના ઉપર છલ્લી હોય છે. એટલે કે બંને જીવનસાથી પાત્રોના શબ્દો, હાવભાવ અને પ્રતિક્રિયામાં નરી કૃત્રિમતા જ ભરેલી હોય. પણ આ કિલ્લાઓ સહેલાઈથી જમીનદોસ્ત થઈ જતા હોય છે કારણ કે એમના પાયામાં બંને પાત્રોની વિચારસરણી અને લાગણીઓમાં અપેક્ષાઓ, તિરસ્કાર, અવિશ્વાસ, ગેરસમજ, મારાપણાનો ભાવ અને કુશંકાઓ ભરપૂર હોય છે. બંને પાત્રો એમ જ માનતાં હોય છે કે પોતે પોતાના તરફથી બધું સાચું અને સકારાત્મક કરેલ છે અને એવી જ એકબીજા પાસેથી અપેક્ષા રાખતાં હોય કે જે સંતોષાતી ન હોય, પરિણામે સમસ્યાઓનો ભારો આવી પડે છે. સાથો સાથ બંને પાત્રો તેમની નકારાત્મક ભાવનાથી તદ્દન અજાણ હોય છે કે જે તેમનામાં ખૂબ જ બળવાન બની સંબંધોની મીઠાશ લાવવાની વિરુધ્ધ જ કામ કરે જેથી જે સંબંધોનો કિલ્લો બંધાયો હોય તે નીચેથી રેતી ખસવા માંડે અને જમીનદોસ્ત થઈ જાય.

બીજું ઉદાહરણ લઈએ-કોર્પોરેટ જગતમાં નફો કરવો, આવક વધારવી અને પ્રતિષ્ઠા ઊભી કરવા જેવા ઉદ્દેશ્યો સાથે સારા ઉદ્યોગગૃહોમાં શાંતિ, પ્રેમ, સુખ-આનંદ ઉપરાંત વિક્ષેપોવિહિન વાતાવરણની અપેક્ષા એ દેખીતો લક્ષ હોય છે. One spiritual principle states that the leader or CEO or Managing Director of the Organization is like a seed of the organization, whose every thought reaches out to and influence every person of the organization as well as the organization as a whole.

A second principle states that the internal ruling and controlling power of a leader of an organizaton is directly proportional to the handling power of the leader.

---

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યાનમંડળ, વલ્લભ વિદ્યાનગર

## અહીં રઝળતા કાગળો

(કવિ રમેશ પારેખના જન્મદિન ૨૭ નવેમ્બર નિમિત્તે, સ્મરણાંજલિ)

અહીં રઝળતા કાગળો છોડીને ક્યાં ગયા ?
વાવને વગડે મૂકી ખાલી, કહો, જળ ક્યાં ગયાં ?

પહાડ પરથી દડદડીને ખીણમાં પડતી સવાર -
ઘાસની કેડીને જઈ પૂછે કે ઝાકળ ક્યાં ગયાં ?

આંખ અશ્રુપાતથી પાલવને કાળો ભીંજવે:
કેમ પૂછે છે સહુ : આંખોનાં કાજળ ક્યાં ગયાં ?

ગંધ તરસી તરફડી રહી છે ફૂલોનાં બારણે -
બાગને ભૂલી પવન સૌ કેમ અસ્તાચળ ગયા ?

બારણું ખોલું તે પહેલાં તો તમે ચાલ્યાં ગયાં -
મેં તમારા સમ, કરી'તી બહુ ઉતાવળ, ક્યાં ગયાં ?

હું અને મારો વિરહ રણમાં રઝળતાં પૂછીએ -
આપણાં સાથી મૂકીને આમ પાછળ, ક્યાં ગયાં ?

## આ શહેર...

આ શહેર તમારા મનસૂબા ઉથલાવી દે, કહેવાય નહીં
આ ચહેરા પર બીજો ચહેરો ચિપકાવી દે, કહેવાય નહીં

આ સંકેતો, આ અફવાઓ, આ સંદર્ભો, આ ઘટનાઓ
આખેઆખો નકશો ક્યારે બદલાવી દે, કહેવાય નહીં

ઘરને ઘર કહીએ તો આ ઘર એક લૂનો ચોરસ દરિયો છે
ભરતી છે : દરિયો શું શું નહીં ડુબાવી દે, કહેવાય નહીં

સપનાંના છટકરસ્તે અહીંથી ભાગી નીકળે છે આંખો, પણ
પાંપણનું ખૂલી પડવું પાછી સપડાવી દે, કહેવાય નહીં

દશ્યો-દશ્યો જંગલ-જંગલ ચશ્માં-ચશ્માં ધુમ્મસ-ધુમ્મસ
રસ્તા-રસ્તા પગલું પગલું ભટકાવી દે, કહેવાય નહીં

ટાવર ધબકે, રસ્તા ધબકે, અરધો-પરધો માણસ ધબકે
કોનો ધબકારો કોણ અહીં અટકાવી દે, કહેવાય નહીં

## જ્યારે મને વસંત કહે છે

જ્યારે મને વસંત કહે છે કે : બ્હેક ! બ્હેક !
ત્યારે ખરેલાં પાન ગણું છું હું એક એક

સર્વત્ર વ્યાપું તેમ છતાં બોજ ના બનું
મારી હયાતી એટલે ફૂલોનું મ્હેક મ્હેક

રણનાં જુદા જ હોય છે ભાષા ને શબ્દકોશ
જ્યાં ના હરણ હરણ, કે ન છે એની ઠેક ઠેક

ફૂલોને જોઈ આંખ કહે છે કે : ચૂંટ ચૂંટ
મનમાંથી કોઈ બોલે : 'તિખારા છે, ફેંક ફેંક'

ચોમાસું ચોતરફ છે અને હું ભિંજાઉં ના,
હે મોર, હું ન થૈ શક્યો સાષ્ટાંગ ગ્હેક ગ્હેક

## મન બહુ થાય છે

મન બહુ થાય છે વરસાદમાં નીકળવાનું
બધાંનાં ભાગ્યમાં હોતું નથી પલળવાનું ?

ઊગે સૂરજ ને શરૂ થઈ જતી એ પ્રક્રિયા
સહુને હોય છે સહુની રીતે પીગળવાનું

ઉદાહરણમાં-જીવણલાલ મૂળજી ગાંધી,
અખૂટ હાથ છે ને અખૂટ દળવાનું

પડ્યું છે કોઈનું મડદું પણ ગુલમ્હોર તળે
વચન દીધેલ હશે કોઈએ ત્યાં મળવાનું ?

હરણમાં તીર ખૂંચેલાના દશ્ય જોઈને
હૃદય રમેશનું ભૂલી ગયું ઊછળવાનું

## સૌ ઊભા થૈ જાય છે !

**સુધીર પટેલ**

એમના બસ આગમનથી સૌ ઊભા થૈ જાય છે,
તનની સાથોસાથ મનથી સૌ ઊભા થૈ જાય છે !

કોઈ શિષ્ટાચાર કરવાનું કહેવાતું નથી,
જ્યાં મળે નયનો નયનથી, સૌ ઊભા થૈ જાય છે !

ધાક-ધમકીથી નથી જળવાતી કોઈની અદબ,
ભાવ-પૂર્વકના નમનથી સૌ ઊભા થૈ જાય છે !

દેશ-ઝૂરાપો કરે વિદેશમાં સૌ વ્યક્ત એમ
જો કોઈ આવે વતનથી, સૌ ઊભા થૈ જાય છે !

એમ આપે દાદ સૌ ખુદનાં દરદને જો 'સુધીર',
મુજ હૃદય-સ્પર્શી કવનથી સૌ ઊભા થૈ જાય છે !

2624 Jameson Dr. NW, Concord, Nc. 28027. USA.
Email: sudhir12@gmail.com

## કોણ મૂકી જાય છે?

**જીતેન્દ્ર મેકવાન**

કોણ મારા સ્મરણોને ખડિયામાં મૂકી જાય છે,
ખોવાયેલું એ ધણ આ ફળિયામાં મૂકી જાય છે.

મન જાય પચાવ્યે અને ખાય મીઠા ઓડકાર,
ગજબનો ખોરાક એ પડિયામાં મૂકી જાય છે.

શું એય પરિચિત હશે આ ત્રીશૂળા તડકાથી?
કોણ ટાઢકને આમ નળીયામાં મૂકી જાય છે.

બોલ્યા વગર કહેવાની એની રીત અનોખી છે,
લીલુડી વાતને સૂકા ઠળીયામાં મૂકી જાય છે.

ઘણાં વર્ષોથી મથતો હતો ઉકેલવા જે દાખલા,
બધાય જવાબ જાણે ઘડિયામાં મૂકી જાય છે.

લંડન
મો. +૪૪ ૭૮૨૮ ૦૦૮ ૭૭૧

## ગઝલ

**સાહિલ**

તુલસી-કબીર-જાયસી-જીવણમાં હું જીવ્યો
છું એકલો છતાંય ઘણાં જણમાં હું જીવ્યો

છે અંત આદિ સમ-અને છે આદિ અંત સમ
પૂછો નહીં કે કેવી વિમાસણમાં હું જીવ્યો.

સમજી શક્યા નથી તમે ક્યારેય પણ મને
નહિતર તમારા તારવ્યાં તારણમાં હું જીવ્યો

નિર્લેપતાની આંગળી છોડી નથી છતાં
ડગલે ને પગલે નકરી પળોજણમાં હું જીવ્યો

પર્યાય એકલાપણાનો છું અનાદિથી
તો પણ ન જાણે કેટલાં સગપણમાં હું જીવ્યો

'સાહિલ' હવે તો યાદ મને પણ નથી રહ્યું
કારણ વિનાના કેટલાં કારણમાં હું જીવ્યો.

'NISA' 3\15-DAYANAND NAGAR,
(M. 9428790069) RAJKOT- 360002

## ગઝલ

**નરેશ સોલંકી**

ધૃત કિસ્સામાં વણાતો જાઉ છું
પાઠયપુસ્તક થૈ ભણાતો જાઉ છું

એટલે પાડી રહ્યા છે ભીંત જેમ
કોઇની વચ્ચે ચણાતો જાઉ છું

આંખમાં સૂકું પડેલું છે વરસ
ખેતરો વચ્ચે લણાતો જાઉ છું

એ રીતે હોવું અહીંયા સાધ્ય છે
આંકડા માફક ગણાતો જાઉ છું

ઘર મને ઓઢી અને ફર્યા કરે
સાદડી થઈને વણાતો જાઉ છું

તું વહે ધસમસ નદી થૈ રક્તમાં
બસ તને જોતા તણાતો જાઉ છું

મવડી પોલીસ હેડ ક્વાટર, બ્લોક નં.૪
ક્વા. નં. ૪૦ નાના મવા રોડ રાજકોટ
મો. ૮૩૨૦૬૪૮૭૦૦

## ''કેટલી વાર કહેવું ?''

ગિજુભાઈ બધેકા

''તને તે મારે કેટલી વાર કહેવું ?'' આ વાક્ય ઘણાં ઘરોમાં સાંભળવામાં આવે છે.

મા કે બાપ બાળકને એક વાર કહે છે, બે વાર કહે છે, ત્રણ-ચાર વાર કહે છે, અને જ્યારે બાળક માનતું નથી ત્યારે માબાપ કહે છે : ''અરે ! તને તે મારે કેટલી વાર કહેવું?''

મા કે બાપના ત્રણ-ચાર ભડાકા ખાલી જ જાય, અને પછી જ્યારે કડકાઈથી અને કંટાળાથી તે બોલે ત્યારે બાળક ઊભું થાય અને જે કરવાનું હોય તે કરે.

માબાપ કે બાળક બેમાંથી એકેય માટે આ સ્થિતિ સારી નથી. માબાપને ત્રાસ થાય છે અને બાળક વધારે ને વધારે નીંભરું બને છે.

આનો ઉપાય થવો જોઈએ. પ્રથમ તો મા કે બાપે હુકમ આપતી વખતે વિચારવું કે અમુક હુકમ કરવા જેવો છે કે નહિ. જો અશક્ય હુકમ હોય તો કરવો જ નહિ, અને તે પળાય તે માટે વારંવાર કહેવું જ નહિ.

અમલ થઈ શકે તેવો હુકમ હોય તો સમય કે સ્થળ જોઈને તે કરવો. બાળક એવા જ કામમાં કે મનની સ્થિતિમાં હોય કે કહેલું નકામું જશે, તો જરા રાહ જોઈને કહેવું. ઘણીવાર બાળકોને આપણે માટે રાહ જોવી પડે છે, ધીરજ કેળવવી પડે છે; એમ જ આપણે પોતે પણ રાહ જોતાં અને ધીરજ કેળવતાં શીખવું જોઈએ.

સામાન્યતઃ આપણે એક જ હુકમે પતાવવું જોઈએ. બે વાર હુકમ કરવો જ નહિ. એક વારે ન પતે તો વિચારવા બેસવું કે શા માટે એમ બન્યું ?

બાળકોનું તો એવું છે કે જેવું આપણે ચલવીએ તેવું તેઓ પણ ચલવે. જો બે-ચાર હુકમ પછી જ્યારે આપણે તાડૂકીને બોલીએ ત્યારે જ કામ કરવું એવી ટેવ બાળકોમાં આવી, તો પછી નિરાંતે બાળકો તેટલું તો ચલવી લે.

આકળા થઈને અને અકળાઈને હુકમ કાઢવા જ નહિ. જે કામ માટે કહેવું હોય તે કામ વિવેકથી કરાવવું, અને બીજા મોટી ઉંમરના માણસો પાસેથી જેમ આપણે સરળતાથી કામ લઈએ-દઈએ છીએ તેમ જ નાનાં બાળકો સાથે વર્તવું.

આપણી પોણી ભૂલ, બાળકો નાનાં છે એટલે માનને પાત્ર નથી એમ માનવામાં રહેલી છે. બાળક વિશેનો આ ખ્યાલ આપણે કાઢી નાખવો જોઈએ.

વળી જ્યારે બાળકો બે-ચાર હુકમ ન માને તેવી સ્થિતિ આવી લાગે, ત્યારે આપણે તે બાબતની વાત બાળકો સમક્ષ ન કરવી; તેથી તો તેઓ વધારે નઠોર અને રીઢાં થાય છે.

ઘરમાં બે-ચાર જણાં હોય અને એકબીજાંના મતો એકબીજાંથી જુદા હોય, ત્યાં બાળકો બહુ ફાવી જાય છે. જે મત જે વખતે બાળકને ગમે તે વખતે તે તેના પક્ષમાં જાય છે. આથી બાળક એક વાર એકમાં તો બીજી વાર બીજામાં ભળીને તે બેવફા બને છે, અને બધાંને કેમ ઠગવાં તે શીખે છે. અમુક બાબતો પર ઘરનાં માણસોમાં કદાચ મતભેદ હોય તોપણ બાળકો સામે એ મતભેદ જાહેર કરી બાળકોને ગોટાળામાં નાખવાં નહિ, પણ જે સર્વમાન્ય મત હોય તેની ભૂમિકા ઉપર બાળકોને રહેવા દેવાં એ સારું છે.

બે, ચાર, પાંચ વાર કહ્યા છતાં બાળકો સાંભળતાં કે માનતાં નથી, તેનો અર્થ એ છે કે બાળકોને માબાપ પ્રત્યે સન્માનની ભાવના નથી, તેમ જ માબાપનો તેમના પર બોજ પડતો નથી.

(અરધી સદીની વાચનયાત્રા-૧ માંથી સાભાર)

**''કેળવણીના બે પ્રકાર છેઃ એક કેળવણી માણસને માણસાઈનું ભાન કરાવે છે, બીજી માણસની માણસાઈ લઈ લે છે.''**

**-સરદાર વલ્લભભાઈ પટેલ**

## ગાંધીજી-વિવાદોની પારનું વ્યક્તિત્વ (ભાગ-૨)

**નરેશ વેદ**

ગાંધીજી વિશે અન્ય એક વિવાદ એમના બ્રહ્મચર્યવ્રતને લઈને છે. એમાં બે મુદ્દા છે: એમણે આ વ્રત શા માટે લીધું હતું અને જો લીધું તો કસ્તૂરબાને વિશ્વાસમાં લઈને લીધેલું? એક પત્નીવ્રત બાબતમાં તો એમના હૃદયમાં લગ્ન વખતથી જ સ્થાન હતું. પરંતુ પત્ની સાથેના સંબંધમાં બ્રહ્મચર્યનું પાલન કરવું એ જરૂરી છે, એ વાત એમને, દક્ષિણ આફ્રિકામાં જ સ્પષ્ટરૂપે સમજાઈ હતી. ઝૂલુ બળવા વખતે ગાંધીજીના મનમાં સેવાકાર્ય અંગે ભાવના જાગી હતી. એ વખતે જે વિચારમંથન થયું તેમાં એમને જણાયું કે પ્રજોત્પત્તિ અને પ્રજાઉછેર જાહેરસેવાના વિરોધી છે. પત્નીને વિષયભોગનું વાહન બનાવવી એમાં પત્ની પ્રત્યે ક્યાં વફાદારી આવે છે? પોતે જ્યાં સુધી વિષયવાસનાને આધીન રહે ત્યાં લગી પોતાની વફાદારીની કિંમત પ્રાકૃત જ ગણાય. એ દંપતી વચ્ચેના સંબંધમાં કોઈ દિવસ પત્ની તરફથી આક્રમણ થયું ન હતું. તેથી તેઓ જ્યારે ઈચ્છે ત્યારે એમને માટે બ્રહ્મચર્યનું પાલન સુલભ હતુ. પરંતુ એમની અશક્તિ અથવા આસક્તિ જ એમને વ્રત લેતાં રોકી રહી હતી. છેલ્લા પુત્રની પ્રસૂતિ ડૉક્ટર અને દાયણની ગેરહાજરીમાં ગાંધીજીને પોતાના હાથે કરાવી પડી હતી. એ વખતે પ્રસૂતાની પીડા, એને વેઠવાં પડતાં કષ્ટ અને પત્નીની પ્રસૂતિઓને કારણે કથળતી તબિયત વગેરેનો ખ્યાલ આવતાં બ્રહ્મચર્યવ્રત ધારણ કરવાનું એમને સૂઝ્યું હતું. એમાં રાયચંદભાઈની અસરની પ્રધાનતા પણ હતી. પત્ની સાથેના સંબંધમાં સંયમપાલનની મુશ્કેલીઓ ઘણી હતી. નોખા ખાટલા રાખ્યા, રાત્રે થાકીને જ સૂવાનો પ્રયત્ન કરી જોયો, ચટાકેદાર ખોરાકની લોલુપ સ્વાદવૃત્તિને અંકુશમાં લેવા સાદો ખોરાક લેવાનું કર્યું-એમ છેક સન ૧૯૦૦થી એમણે પ્રયત્નો શરૂ કર્યા હતા. પણ સ્વાદવૃત્તિ અને કામવૃત્તિને અંકુશમાં રાખવામાં એમને ખૂબ મુશ્કેલી પડતી હતી. પોતાનો મોટો પુત્ર હરિલાલ જે રીતે વિપથગામી થયો એમાં પોતાની કિશોરકાળની નાદાનિયત અને નાસમજ કારણભૂત હતી, એવું પણ સમજાતાં આખરે એમણે સન ૧૯૦૬માં બ્રહ્મચર્યવ્રત ધારણ કર્યું હતું. વ્રત એટલા માટે લીધું કે વ્રતથી ન બંધાવામાં મનુષ્ય મોહમાં પડે છે અને લપસી પડે છે. વ્રત લેતાં લગી એમણે કસ્તૂરબા સાથે આ બાબતમાં મસલત કરી ન હતી, પણ વ્રત લેતી વખતે કરી હતી. કસ્તૂરબા તરફથી એ બાબતમાં કશો વિરોધ થયો ન હતો. બ્રહ્મચર્યમાં શરીરરક્ષણ, બુદ્ધિરક્ષણ અને આત્માનું રક્ષણ થાય છે, એવું સમજાતાં એમણે ભર યુવાનવયે આ પગલું ભર્યું હતું. એ અસિધારા વ્રત છે અને એના પાલનમાં નિરંતર જાગૃતિની આવશ્યકતા છે એ વાત પણ તેઓ જાણતા હતા. તેથી બાહ્ય ઉપચારો ઉપરાંત ખોરાકની જાત અને પ્રમાણની મર્યાદા અને ઉપવાસની આવશ્યકતા એમણે સ્વીકારીને એનો અમલ કર્યો હતો.

હિંદુસ્તાન અને પાકિસ્તાનના ભાગલા રોકવામાં ગાંધીજીનો શો ફાળો હતો, ગાંધીજીની ઉપસ્થિતિ હોવા છતાં દેશના ભાગલા કેમ થયા-એવા પ્રશ્નો કેટલાક લોકો ઊઠાવે છે. એ તો સુવિદિત છે કે ગાંધીજી દેશના ભાગલા કરવાની વાતમાં વિરોધી હતા. જેમના મનમાં આવી વૃત્તિ જાગી હતી એમની એ વૃત્તિને શુદ્ધ કરવા ગાંધીજીએ ઘણા પ્રયત્નો કર્યા હતા. સમજાવટ કરવાના, વિકલ્પો આપવાના પ્રયાસો કર્યા હતા. પરંતુ 'ભાગલા પાડો અને રાજ કરો' એવી કૂટ રાજનીતિથી ચાલતા અંગ્રેજશાસકો અને અલગ રાષ્ટ્ર મેળવવાની ધખનામાં મતિમૂઢ અને હઠાગ્રહી થઈ ગયેલા લોકોએ એમના વિચારો, પ્રસ્તાવો અને પ્રયાસોની અવગણના કરી હતી. દેશની ભૂમિના ટુકડા કરવા કરતા હિંદુ અને ઈસ્લામિક સંયુક્ત રાષ્ટ્રરૂપે દેશ અખંડ રહે એવો એક વિકલ્પ અને મહમ્મદ અલી ઝીણાને વડાપ્રધાન પદ આપી, એમની ઈચ્છા મુજબની કેબિનેટ રચી, હિંદુઓ સહકાર આપે, એવો બીજો વિકલ્પ પણ એમણે મૂકયો હતો. પરંતુ તત્કાલીન પરિસ્થિતિ અને સંજોગોને ધ્યાનમાં લેતાં રાષ્ટ્રવિભાજન કરવું અનિવાર્ય જણાતાં, ગાંધીજી એ ઉકેલમાં સંમત નહીં થાય, એ જાણતાં હોવાથી, દેશના ભાગલાનો નિર્ણય ગાંધીજીને જાણ કર્યા વિના કે વિશ્વાસમાં લીધા વિના એ સમયના આપણા અગ્રણી રાષ્ટ્રનેતાઓએ લીધો હતો. ગાંધીજીને એ કારણે બહુ આઘાત લાગ્યો હતો. એમને માટે એ અત્યંત કડવો ઘૂંટડો હતો, તેથી રાષ્ટ્રના ભાગલા પડ્યા અને બંને દેશો સ્વતંત્રતાનો ઉત્સવ મનાવી રહ્યા હતા ત્યારે આહત થયેલા ગાંધીજી એમાં સામેલ થયા ન હતા. દિલ્હીમાં પણ હાજર રહ્યા ન હતા. કોમીદંગલો કત્લેઆમ અને હિજરતથી દુ:ખી થયેલા દેશવાસીઓના આંસુ લૂછવા નોઆખલી અને કલકત્તામાં જાનનાં જોખમે ઉઘાડા પગે એ સૌની હૈયાહોળી ઠારવા મથી રહ્યા હતા.

એમના વિશે સૌથી મોટો વિવાદ આઝાદ ભારતના પ્રથમ વડાપ્રધાન તરીકે કોને મૂકવા એ અંગે એમણે લીધેલા

નિર્ણય બાબતમાં છે. એમણે જવાહરલાલ નેહરૂને પસંદ કર્યા એ એમનો નિર્ણય યોગ્ય, ન્યાયી અને વ્યાજબી હતો? એવો સવાલ ત્યારથી માંડી અત્યાર સુધી પૂછાતો રહ્યો છે. અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરી દેશને સ્વતંત્ર કરવાના ભગીરથ કાર્યમાં એ સમયે લાખો લોકોનો ફાળો હતો. રાષ્ટ્રમુક્તિની ચળવળમાં તન, મન, ધનથી સહકાર આપવામાં લોકોની માફક અનેક નેતાઓ પણ આગળ આવ્યા હતા. એમણે ગાંધીજીના અસહકાર, સવિનય કાનૂનભંગ, સત્યાગ્રહો અને ગાંધીપ્રબોધિત રચનાત્મક કાર્યક્રમોને સફળ બનાવવા માટે લાઠીમાર અને જેલવાસ જેવા અંગ્રેજોના અત્યાચારો સહન કર્યા હતા. દેશની મુક્તિના સંગ્રામમાં અનેક સંકટો અને સંઘર્ષો વેઠ્યાં હતાં. એ સૌની સેવા અને સમર્પિતતા લગભગ એકસરખી હતી. જવાહરલાલ નેહરૂ, સરદાર વલ્લભભાઈ પટેલ, રાજેન્દ્રબાબુ, સી.રાજગોપાલાચાર્ય, જયપ્રકાશ નારાયણ અને બીજા અનેક અગ્રણી રાષ્ટ્રનેતાઓમાંથી વડાપ્રધાન તરીકે કોને પસંદ કરવા એ નક્કી કરવું ઘણું મુશ્કેલ હતું. જેમ સૌનું યોગદાન આગવું હતું, તેમ સૌની શક્તિ-મર્યાદાઓ પણ આગવી હતી. વર્ષોની ગુલામીની ધૂંસરી વેઠતાં, રાજકીય એકતા અને અખંડિતતા વિનાના વિશાળ દેશને એના જન્મ સમયે જે સમસ્યાઓ ઊભી થાય, એ બધી ઉકેલી શકે, સાચા અર્થમાં પ્રજાને સ્વરાજ આપી શકે અને નિર્ધન નિષ્પ્રાણ રાષ્ટ્રને કેવળ આઝાદી નહીં પણ આબાદી પણ અપાવે એવો એક નેતા એ સૌમાંથી ચૂંટી કાઢવાનું કામ અત્યંત અઘરું હતું. એ વખતે ગાંધીજીએ જવાહરલાલ નેહરૂની પસંદગી કરી એની પાછળ કેટલાંક કારણો હતાં, જે જોવા સમજવા તરફ લોકો પ્રયત્ન નથી કરતા અને એમના પર આક્ષેપો કરે છે. પહેલું કારણ તો એ હતું કે ગાંધીજી આઝાદી પૂર્વે છેક સન ૧૯૪૨માં પોતાના ઉત્તરાધિકારી તરીકે નેહરૂને ઘોષિત કરી ચૂક્યા હતા. બીજું કારણ તેઓ નેહરૂ અને સરદાર બંનેના વ્યક્તિત્વની શક્તિમર્યાદાઓથી વાકેફ હતા. બંને વચ્ચે મનમેળ ઓછો છે, છતાં બંનેના શક્તિસામર્થ્ય નવોદિત રાષ્ટ્રને અતિ આવશ્યક છે, એ ગાંધીજી જાણતા હતા. નેહરૂનું વ્યક્તિત્વ કરિશ્મેટિક અને પ્રભાવક હતું. વળી તેઓ વેલરેડ અને બહુશ્રુત હતા. અંગ્રેજ અમલદારો સાથે પણ એમના સારા સંબંધો હતા. તેમ મુસ્લિમ કોમ સાથે પણ એમના સંબંધો સારા હતા. તેઓ પોતાના શારીરિક, બૌદ્ધિક અને વાક્ અભિવ્યક્તિગત વ્યક્તિત્વથી આંતરરાષ્ટ્રીય કક્ષાએ સફળ થઈ શકે એવી ક્ષમતાવાળા હતા, વડાપ્રધાન તરીકે એમને પસંદ કરવામાં અગાઉ પોતે જાહેર કરેલ ઉત્તરાધિકારીવાળું વચન સચવાતું હતું-એવાં બધાં કારણો એમની પસંદગી પાછળ હતા. એમની પસંદગીથી અંગ્રેજો અને મુસ્લિમો ઉપરાંત એ કાળના કેટલાક અગ્રણીઓ પણ ખુશ થાય એમ હતું. કદાચ એ વિચારે પણ એમના નિર્ણયમાં ભાગ ભજવ્યો હોય.

સરદાર વલ્લભભાઈ ચરોતરના પાટીદાર હતા. ચરોતરની ધીંગી ધરતીના પાટીદાર પુત્રોમાં ચરોતરી ભાષાનું જે દૈવત અને કૌવત તથા આખાબોલાપણું હોય, તે તેમનામાં હતું. તેઓ પણ ઈંગ્લેડ જઈ બેરિસ્ટર થયેલા. વકીલાત કરેલી. પરંતુ એમનો નાભિનાળ સંબંધ ગ્રામવાસી ખેડૂત અને મજૂર સાથે હતો. દૃઢ મનોબળ, મક્કમ નિર્ણય, જબરી કોઠાસૂઝ, કર્તવ્યપરાયણતા જેવા લીડરના અનેક ગુણો એમનામાં હતા. આજની ભાષામાં કહીએ તો નેતા તો ખરા, પણ ગ્રાસરૂટ વર્કર હતા. ગાંધીજીના ચુસ્ત અને વફાદાર અનુયાયી હતા. ગાંધીજીનો શબ્દ એમને માટે આખરી હતો. ગાંધીજીના કહેવા ઉપર એમણે એકથી વધારે વખત કોંગ્રેસનું પ્રમુખપદ જતું કર્યું હતું. એમનામાં નેતૃત્વશક્તિ કેટલી સુંદર છે એનો પરિચય ગાંધીજીને બારડોલી સત્યાગ્રહ વખતે થઈ ગયેલો. સાથો સાથ એમનામાં આયોજન, પ્રબંધન અને વહીવટી શક્તિ કેટલી ઉત્તમ છે, એ વાતનો પરિચય એમને દાંડીકૂચના આયોજન અને વ્યવસ્થાપનમાં થઈ ગયેલો. સત્તા કે સંપત્તિનો એમને સ્હેજ પણ મોહ નથી, એ પોતાને પ્રિય હતી એવી સાદાઈ અને નમ્રતાની સાક્ષાત્ મૂર્તિ સમાન હતા-એ બધી વાતનો પણ ગાંધીજીને ખ્યાલ હતો.

એ વખતે ગાંધીજીના મનમાં ૫૬૫(565)દેશી રજવાડાંઓમાં વહેંચાયેલા રાષ્ટ્રને પોતાની કૂનેહશક્તિથી રાષ્ટ્રમાં જોડી દઈને અખંડ રાષ્ટ્ર બનાવવાની વાત મુખ્ય હતી. એ શક્તિ તત્કાલીન નેતાઓમાં સૌથી વધુ વલ્લભભાઈમાં હતી. દેશના ભાગલા પછીની કોમી રમખાણો, હત્યાકાંડો અને હિજરતોથી તથા પાકિસ્તાનના અડપલાંઓથી દેશમાં ભારેલા અગ્નિ જેવી પરિસ્થિતિ હતી તેને યથાયોગ્ય થાળે પાડી શકે એવી લોખંડી તાકાત વલ્લભભાઈમાં જ હતી. વલ્લભભાઈની સંગઠન ઉપરાંત સમજાવટ, પ્રશ્નોઉકેલની કાબેલિયત, નવનિર્માણ, આયોજનની શક્તિઓ પણ હતી. એમની એ બધી દક્ષતા, કુશળતા અને કૂનેહનો શ્રેષ્ઠ ઉપયોગ જો એમને ગૃહપ્રધાન બનાવવામાં આવે તો ઉત્તમ

રીતે થાય. તેથી એમને વડાપ્રધાન તરીકે પસંદ કરવાને બદલે નેહરૂને પસંદ કર્યા અને એમને નાયબ વડાપ્રધાન ઉપરાંત દેશી રાજ્યોના એકત્રીકરણ માટેનું રિયાસતી ખાતું ફાળવાય એ એમને યોગ્ય જણાયું હતું. વડાપ્રધાન પદ જેવા મહત્ત્વના હોદ્દા ઉપર એ સમયની દેશની આંતરબાહ્ય સ્થિતિ અને આંતરરાષ્ટ્રીય રાજનીતિનો વિચાર કરતાં ગાંધીજીને બહુ મુશ્કેલ નિર્ણય લેવો પડ્યો હતો. આટલાં વર્ષોના અંતરાલ પછી આ ઘટનાને કેવળ તટસ્થ દૃષ્ટિએ જોતાંવિચારતાં એમાં કોઈ પૂર્વગ્રહ કે પક્ષપાત એમણે દાખવ્યા હોય એમ લાગતું નથી.

આ સિવાય પણ ભગતસિંહને અપાયેલી ફાંસી, સુભાષચંદ્ર બોઝ, મહમ્મદ અલી ઝીણા અને બાબાસાહેબ આંબેડકર સાથેના સંબંધો, હિંદુ-મુસ્લિમ કોમમાંથી કોના તરફ એમનો ઝુકાવ હતો, જલિયાવાલા બાગના હત્યાકાંડ પછી અંગ્રેજ શાસક તરફનો એમનો રવૈયો કેવો હતો, પાકિસ્તાને પંચાવન કરોડની રકમ ચૂકવી આપવા માટેનું એમનું દબાણ, એમના આર્થિક ચિંતનની યોગ્યતા અને પ્રસ્તુતતા, એમના બ્રહ્મચર્ય અને ઉપવાસના પ્રયોગો-વગેરે અનેક મુદ્દાઓ વિશે પણ વિવાદો અને આક્ષેપો થતાં રહ્યા છે. જાહેર સેવાના કામમાં પડેલા ગમે તેટલા મોટા કદના નેતાઓ આવા વિવાદો અને આક્ષેપોથી ઘેરાયેલા જ રહે છે. મનુષ્યમનની એ ખાસિયત છે. એણે રામ અને કૃષ્ણને, ઈસુ અને સોક્રેટીસને કોઈને છોડ્યા નથી. ચારિત્ર્યનિંદા એ જાણે મનુષ્યનો સ્વભાવ જ છે.

આવી ટીકાઓ અને નિંદાઓ કરતાં પહેલાં, વિવાદો અને આક્ષેપોના મધપૂડાઓ રચતાં પહેલાં ખરેખર તો આવા વ્યક્તિવિશેષોના જીવનઆદર્શ અને જીવનકાર્યોનો ઊંડો અભ્યાસ કરી, અનાવિલ દૃષ્ટિ અને તટસ્થ પરિપ્રેક્ષ્યથી આકલન કરી અભિપ્રાયો ઉચ્ચારવા જોઈએ. આમ ન થાય ત્યારે જે હિકમતો થાય છે, એમાં આવી વ્યક્તિઓએ મોટાઈના દંડ પણ મોટા ચૂકવવા પડે છે!

'કદમ્બ' બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી, મોટા બજાર,
વલ્લભ વિદ્યાનગર, ફોન નં : ૦૨૬૯૨-૨૩૩૭૫૦
સેલ નં : ૦૯૭૨૭૩૩૩૦૦૦

॥ વિદ્યાવૃત્ત ॥

## વલ્લભ વિદ્યાનગર જીસેટ કોલેજ યુથ ફેસ્ટિવલ ક્ષિતિજ-૨૦૧૯માં ચેમ્પિયન

તા. ૧૨ થી ૧૪ સેપ્ટેમ્બર, ૨૦૧૯ દરમ્યાન વડોદરા ઇન્સ્ટિટ્યૂટ ઓફ એન્જિનિયરીંગ, કોટમ્બી ખાતે ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી ના વલ્લભ વિદ્યાનગર ઝોનનો યુથ ફેસ્ટિવલ યોજાયો. જેમાં મ્યુઝિક, થીયેટર, ડાંસ, લિટરરી અને ફાઇન આર્ટ્સ જેવી પાંચ કેટેગરી અંતર્ગત કુલ ૨૭ ઈવેન્ટની સ્પર્ધા યોજાઇ હતી. આ યૂથ ફેસ્ટિવલ માં વલ્લભ વિદ્યાનગર સ્થિત જી એચ પટેલ કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેક્નોલોજી (જીસેટ)ની ટીમે બધી જ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જે પૈકી ફોક ઓર્કેસ્ટ્રા, વન એક્ટ પ્લે, માઇમ, ક્લાસિકલ વોકલ, વેસ્ટર્ન ગ્રુપ સોંગ, વેસ્ટર્ન ઇન્સ્ટ્રુમેંટલ તથા પાદ પૂરતી માં પ્રથમ; સ્કિટ અને ક્લાસિકલ ઇન્સ્ટ્રુમેંટલ નોન પર્કસનમાં દ્વિતીય તથા ઇંડિયન ગ્રુપ સોંગ, ક્વિઝ, પોસ્ટર મેકિંગ, ઇન્સ્ટોલેશન અને ક્લાસિકલ ઇન્સ્ટ્રુમેંટલ-પર્કસનમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. આ ઉપરાંત સમગ્ર યૂથ ફેસ્ટિવલમાં સૌથી વધારે ગુણાંક મેળવીને જીસેટની ટીમ ઓવરઓલ ચેમ્પિયન થઈ હતી તથા મ્યુઝિક અને થીયેટર કેટેગરીમાં પણ ચેમ્પિયનશીપ મેળવેલ છે.

આ ઉત્કૃષ્ટ સિદ્ધિ માટે કુલ ૪૧ વિદ્યાર્થીઓની ટીમ અને ટીમ લીડર્સ શુભમ કકકડ, શુભમ ગોર, જૈમિન પટેલ, આકાંક્ષા ચૌહાણ, વિરાજ નાઇક, મિતાંશુ બારોટ તથા હર્ષ પ્રજાપતિની અથાક મહેનત કારણભૂત છે. સમગ્ર ટીમને સંસ્થાના કલ્ચરલ કન્વીનર ડો. યોગેશ ચૌહાણે સફળ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને પ્રો. સ્નેહ વ્યાસે તેમને ખૂબ જ સહકાર આપ્યો હતો.

જીસેટના પ્રિન્સિપાલ શ્રી હિમાંશુ સોનીએ આ સિદ્ધિને બિરદાવી હતી તથા ચારુતર વિદ્યામંડળના ચેરમેન શ્રી ભીખુભાઈ પટેલ સાહેબે વિદ્યાર્થીઓને અભિનંદન તથા આશીર્વાદ આપતાં કહ્યું હતું કે શૈક્ષણિક પ્રવૃતિઓની સાથે આવી ઈતર પ્રવૃતિઓ વિદ્યાર્થીઓના ઘડતર માટે જરૂરી છે. ચારુતર વિદ્યામંડળના માનનીય મંત્રી શ્રી શાંતિભાઈ પટેલ સાહેબે પણ ટીમને તથા પ્રિન્સિપાલને અભિનંદન આપી ખુશી વ્યક્ત કરી હતી.

॥ ચિંતન ॥

## વૃક્ષ કરે યજ્ઞ

**ઈશ્વરભાઈ વાઘેલા**

વૃક્ષ માનવજીવન સાથે પહેલેથી જ સંકળાયેલું છે. બાઈબલની સૃષ્ટિ રચનામાં ભગવાને માણસને બનાવ્યો. તેનું એકલાપણું દૂર કરવા સ્ત્રીને બનાવી. બન્નેને બગીચામાં રાખ્યા. એક વૃક્ષનું ફળ ન ખાવાની આજ્ઞા કરી હતી. પણ શેતાનની ચડવણીથી તે વૃક્ષનું ફળ ખાધું અને તેમને ભાન થયું. ભગવાનને ખબર પડતાં જ આ જગતમાં માનવની સર્જનગાથામાં સ્ત્રીને સાંકળી લીધી. આમ વૃક્ષને કારણે માનવજીવન સર્જાયું.

બુધ્ધને જ્ઞાન લાધતાં ગૃહત્યાગ કરે છે. અને એક વૃક્ષ નીચે ધ્યાન ધરીને બેસે છે. તે વૃક્ષ નીચેની તપશ્ચર્યાથી તેઓને જ્ઞાન લાધ્યું. જેને બોધિવૃક્ષ કહે છે. જીવનની ઘટમાળમાંથી બહાર જવાનો માર્ગ વૃક્ષની છાયામાંથી પ્રાપ્ત થયો.

માનવ સર્જાયો. જંગલમાં ભટકતો-ફરતો હતો. કાચું કાચું ખાતો હતો. અંધારામાં ભટક્તો હતો. ત્યાં એક દિવસ બે વૃક્ષો જોરદાર પવનમાં ઘર્ષણ પામતા આગ લાગી. માણસ તે જોતો રહ્યો. અને પછી તેણે બે પથ્થરો સાથે ટકરાવીને અગ્નિની શોધ કરી.

આ વૃક્ષની સાથે જોડાયેલી વાતોથી સમજાય છે કે માનવી જન્મે ત્યારથી મૃત્યુ પામે ત્યાં સુધી વૃક્ષ તેનું સાથીદાર છે. વૃક્ષત્ત્વ વિના મનુષ્યત્ત્વ એક મિનિટ પણ ટકી શકે તેમ નથી. કારણ બાળકના ઘોડિયાથી માંડી રમકડાં, ચાલણગાડી, રમતના સાધનો, ખાટલો, ટેબલ,ખુરશી, વેલણ-પાટલી, ધોકો, લાકડી, ગાડું, દાંતરડું, વિવિધ ખેતઓજારોના હાથા, ચરખો, ચાકડી, નિસરણી, ઘરના થાંભલા, મોભ, બારી-બારણાં, કબાટ, હોડી, તરાપો, નગારું, તબલાં, તંબૂરો, કાગળ, બળતણ વગેરે ગણ્યું ગણાય નહીં તેટલું વૃક્ષ પાસેથી મળે છે.

વૃક્ષ તો યજ્ઞ કરતું રહે છે. યજ્ઞ એટલે સેવા અર્થે કરાતું કર્મ. વૃક્ષ તો જગતની સેવા કરનારું સેવક છે. તેના યજ્ઞોને જાણવા જોઈએ.

૧. **વિશ્રામ યજ્ઞ**-વૃક્ષ વિશ્રામ આપવાનો યજ્ઞ કરે છે. વૃક્ષની છાયામાં માનવો અને પશુઓ આરામ કરે છે. સંતુષ્ટ થાય છે. વૃક્ષની છાયામાં લહેરાતા પવનમાં શાતા મળે છે. ઉનાળાના બપોરમાં વૃક્ષની છાયામાં બેસવું એટલે એરકન્ડિશન્ડ બંધ રૂમ કરતા હજારો દરજ્જે સારું. વૃક્ષના વિશ્રામધામમાં સૌ કોઈને આવકાર મળે છે. સર્વેનો વૃક્ષ આતિથ્ય સત્કાર કરે છે.

૨. **આશ્રય યજ્ઞ**-વૃક્ષ આશ્રયદાતા છે. દેવ, દાનવ, ગંધર્વો, કિન્નર, નાગ, યક્ષો, પશુ-પંખીઓ અને મનુષ્યો સર્વે વૃક્ષોના આશ્રયમાં જીવન જીવે છે. પક્ષીઓ તો વૃક્ષના આશ્રયે જ જીવન વિતાવે છે. પક્ષીઓ વૃક્ષો પર જ રાત વિતાવે છે. વૃક્ષ પર માળા બાંધે છે. પશુઓ પણ વૃક્ષના આશ્રયે જ જીવન વિતાવે છે. મનુષ્યના જન્મથી માંડી મૃત્યુ સુધીની યાત્રામાં વૃક્ષો સહાય કરે છે. એમ કહી શહાય કે જ્યાં સુધી પૃથ્વી વૃક્ષોથી સભર રહેશે ત્યાં સુધી સર્વે જીવો માટેની તમામ જરૂરિયાતો પૂર્ણ થતી રહેશે.

૩. **ખાદ્ય યજ્ઞ**-વૃક્ષ સજીવો માટે ખાદ્ય યજ્ઞ કરે છે. વૃક્ષના ફળ બધા સજીવોનો ખોરાક બને છે. પક્ષીઓનો ખોરાક તો વૃક્ષો જ પૂરો પાડે છે. પશુઓ માટે પણ વૃક્ષો જ આહારદાતા છે. આજે વાંદરા કે વન્ય પશુઓ ગામડામાં-શહેરમાં જ્યાં માનવવસ્તી છે ત્યાં આવી રહ્યા છે તેનું મુખ્ય કારણ તેમની આહારશૃંખલા તૂટી રહી છે તે છે.

૪. **ઔષધ યજ્ઞ**-વૃક્ષ માનવને ઔષધ આપે છે. સર્પગંધા લોહીના ઊંચા દબાણના રોગની સારવારમાં, લીમડો જીવાણું પ્રતિરોધક તરીકે, તુલસી શરદી, ઉધરસ, તાવની સારવારમાં, અર્જુન સાદડ હૃદયરોગની સારવારમાં, બીલી વાત અને કફ દોષો દૂર કરવામાં, ગળો મધુપ્રમેહ, તાવ, સાંધાના દુ:ખાવામાં, હરડે કબજિયાત અને વાળ અંગેના રોગોમાં, આમળા વાયુ પિત્તને દૂર કરવામાં, કરંજ ચામડીના, દાંત-પેઢાના રોગોમાં ઉપયોગી છે. બહેડાં, અશ્વગંધા, મધ વગેરે પણ ઉપયોગી ઔષધો છે. આમ વૃક્ષો માનવને રોગોમાંથી બચાવવાનો ઔષધ યજ્ઞ કરે છે.

૫. **વ્યવસાય યજ્ઞ**-વૃક્ષ માનવને વ્યવસાય આપે છે. વૃક્ષના લાકડાંમાંથી ફર્નિચરનો વ્યવસાય વિકસ્યો છે. હોડી બનાવવાનો વ્યવસાય સુંદરીના વૃક્ષોને કારણે વિકસ્યો છે. રમત-ગમતના સાધનો, પેકિંગ, કેટલાંક સુંગંધીતેલ

અને સૌંદર્યવર્ધક બનાવટોનો વ્યવસાય પણ થઈ રહ્યો છે વાંસમાંથી ટોપલી, રમકડાં, ગૃહસુશોભનની ચીજો બની રહી છે. કેટલાંક લોકો લાખ, રાળ, ગુંદર એકઠો કરીને કમાઈ શકે છે. મધ-ઉદ્યોગ પણ વૃક્ષોને પરિણામે વિકસે છે. ઔષધો બનાવવાના ઉદ્યોગો પણ વૃક્ષોને કારણે જ કરી શકાય છે. આમ વૃક્ષો માનવને કમાવા માટેના વ્યવસાયોનો યજ્ઞ કરી રહ્યા છે.

૬. **ઉપયોગિતા યજ્ઞ**-વૃક્ષ વિના માનવનું જીવન રુક્ષ બની રહે તેમ છે. વૃક્ષ ફળો, બળતણ, ફર્નિચર, પારણાંથી માંડી નનામી સુધીના સાધનો, ઔષધિ, ગુંદર, દાતણ, પડિયા, પતરાળાં, કાથો, ટીમરૂના પાનમાંથી બનતી બીડી, લાખ, રાળ, ગુંદર, રબર, મધ, નેતર, સુગંધીતેલ, રમત-ગમતના સાધનો, ટર્પેન્ટાઈન, ટોપલા-ટોપલી, રમકડાં, ગૃહસુશોભન વગેરેમાં વૃક્ષોનો ઉપયોગ થાય છે. વૃક્ષો વિના માનવ કેવી રીતે ટકી શકે. તે આ બાબતો સિદ્ધ કરે છે. વૃક્ષો માણસ માટે ઉપયોગિતાનો યજ્ઞ કરી રહ્યા છે.

૭. **જીવન યજ્ઞ**-સજીવોનું જીવન વૃક્ષો વિના શક્ય નથી. વૃક્ષો જીવન આપવાનો યજ્ઞ કરી રહયું છે. તે કાર્બન ડાયોક્સાઈડ લઈને આપણને ઓક્સિજન આપે છે. વાતાવરણમાંથી કાર્બનડાયોક્સાઈડ ઓછાં કરવા વૃક્ષો રોપવા-ઉછેરવા અનિવાર્ય છે. જમીનનું ધોવાણ અટકાવીને જમીનનું સત્ત્વ જાળવી રાખીને આપણને ખોરાક પૂરો પાડવામાં ઉપયોગી છે. રણને આગળ વધતું અટકાવીને પણ જમીન બચાવે છે. ભૂમિગત જળને જાળવીને, વરસાદ લાવવામાં ઉપયોગી બનીને આપણને પાણી પૂરું પાડે છે. વૃક્ષની ભીનાશ, લીલાશ અને શીતળતા સજીવો માટે ઉપકારી છે. ફળો લોહીવર્ધક, શક્તિવર્ધક હોઈ સ્વાસ્થ્ય બક્ષે છે.

વૃક્ષોના સાત યજ્ઞો સજીવો માટે ઉપકારક છે ત્યારે વૃક્ષોની સાચવણી, ઉછેર કરવો એ આપણા માટેનો યજ્ઞ બની રહેવો જોઈએ, વૃક્ષોનો યજ્ઞ માટે 'સમિધ' તરીકે ઉપયોગી છે. ત્યારે તેના ઉછેરમાં જ આપણું હિત રહેલું છે. કેટલાંક વિધાનો જોઈએ.

» દસ કૂવા સમાન એક વાવ છે. દસ વાવ સમાન એક તળાવ છે. દસ તળાવ સમાન એક પુત્ર છે. દસ પુત્ર સમાન એક વૃક્ષ છે.

-મત્સ્ય પુરાણ

» વડમાં ભગવાન શિવ, પીપળામાં વિષ્ણુ, બીલીવૃક્ષમાં દેવી લક્ષ્મી અને કદમ્બ વૃક્ષમાં ભગવાન કાર્તિકેય છે

-પદ્મ પુરાણ

» વૃક્ષ એ તો પુણ્યની કાયમી પરબ છે-ગાંધીજી

» વૃક્ષ તો પરોપકારી સંતો અને ધરતીમાતાના લાડકા અને પનોતા પુત્ર છે.

-સરદાર પટેલ

» વિકસતું વૃક્ષ એટલે વિકાસશીલ રાષ્ટ્રનું જીવંત પ્રતીક છે

-જવાહરલાલ નહેરુ

» સંતાન વિહોણા દંપતીની જેમ વૃક્ષ વિહોણા રાષ્ટ્રનું ભાવિ ધૂંધળું છે.

-અબ્રાહમ લિંકન

» વૃક્ષ એ તો મંદિર અને વૃક્ષ ઉછરે એ તો ધર્મનું મહાકાર્ય છે.

-પાંડુરંગ શાસ્ત્રી

» વૃક્ષ એ તો અસીમિત પરોપકારનું જીવંત પ્રતીક છે.

-બુદ્ધ

» વૃક્ષ તો નિઃસ્વાર્થ સેવા કરતાં પરોપકારી સંતો છે.

-વેદ વ્યાસ

» જે દિવસે માનવજાત વૃક્ષમાં મંદિરના દર્શન કરશે અને પાંદડામાં ૩૩ કોટિ દેવતાઓનો નિવાસ નીરખશે તે દિવસે પૃથ્વી પરના યુદ્ધ નાબૂદ થશે.

-અજ્ઞાત

» પ્રકૃતિ સાથેનો સંબંધ તૂટે ત્યારે માણસની ભીતર પણ કશુંક ખોરવાય છે. ખોરવાયેલો લય જે પજવણી પેદા કરે તેને વિકૃતિ કહે છે. આપણે પ્રકૃતિ સાથે સંબંધ સેવીને વિકૃતિ તરફ ન જવાની પ્રતિજ્ઞા લેવી એ જ આપણા માટે અને સર્વે જીવો માટે અગત્યનો યજ્ઞ છે.

---

૧૦, વૃંદાવન બંગ્લોઝ, ધારાનગરી રોડ, વલ્લભ વિદ્યાનગર
તા.જિ. આણંદ

## 'પ્રસવ': સંવેદનાસભર વાર્તાસંગ્રહ

**અમિત ચૌહાણ**

ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદીના 'પ્રસવ' વાર્તાસંગ્રહમાં કુલ ૨૬ વાર્તા છે. શ્રી આસ્થાવાદીની કેટલીક વાર્તામાં બાઈબલનું કથાવસ્તુ લેવામાં આવ્યું છે. અહીં જે ભાષા પ્રયોજવામાં આવી છે તે બહુધા રોજબરોજના વ્યવહારમાં વપરાતી ભાષાથી ભિન્ન છે. અહીં વિરલ શબ્દોનો ઉપયોગ વધારે વાંચવા મળે છે.

ખેર, આ સંગ્રહમાં સમાવવામાં આવેલી વાર્તાની વાત કરીએ તો કહેવું પડે કે મોટાભાગની વાર્તામાં સમાજજીવન જોઈ શકાય છે. યુવક અને યુવતીના પ્રેમની વાત છે. સ્વજનના મૃત્યુથી અનુભવાતા આઘાતની વાત પણ અહીં આલેખવામાં આવી છે. પ્રથમ વાર્તાનું શીર્ષક 'કમળમાં કેદ થયેલો ભ્રમર' છે. સ્નેહલગ્નનો મહિમા દર્શાવતી આ વાર્તામાં સુરેખા, સુકેતુ અને પ્રેયસ નામના ત્રણ મુખ્ય પાત્ર છે. 'પથ્થરો ખડખડાટ હસી પડ્યા' અને 'દરિદ્રી વિધવાની દમડી' વાર્તામાં બાઈબલના પ્રસંગોનો આધાર લેવામાં આવ્યો છે. 'પાદરીની બદલી'માં બદલીથી નારાજ પાદરીની વાત છે. આ પાદરી; બદલીનો પત્ર મળતાં જ નારાજ થઈ જાય છે. ઉપરીને વળતો પત્ર લખે છે અને તેમાં તે પોતાની નારાજગી વ્યક્ત કરે છે. વાર્તાના અંતે વાંચવા મળે છે કે પાદરીની બદલી મોકૂફ રાખવામાં આવે છે. 'શિશુની શ્રેષ્ઠ પાઠશાળા-ઘર'માં લેખકે અખબારી ઘટનાનો આધાર લઈ મૌલિક વાર્તા રચી છે. થોડા વર્ષ પૂર્વે અમદાવાદના એક આશ્રમમાં કેટલાક બાળકો મોતને ભેટ્યા હતા. આ બાળકોના અપમૃત્યુ અંગે અનેક અટકળો ઊભી થઈ હતી. પ્રસ્તુત વાર્તામાં એક દંપતિ અને એમના પુત્રની વાત છે. આ દંપતિ પુત્રને હોસ્ટેલમાં મૂકે છે. જોકે અહીં આપવામાં આવતા શિક્ષણમાંથી તેમનો વિશ્વાસ ઊઠી જતાં તેઓ એમના પુત્રને ઘરે લાવી દે છે.

'આઘાત'માં મા-દીકરી વચ્ચેનો લગાવ છે. માતા પ્રેમિલાબહેનની ઉંમર પંચોતેર વર્ષ છે. તેમની દીકરી કુસુમ ઇંગ્લેન્ડમાં રહે છે. વાર્તામાં બને છે એવું કે કુસુમને માતા પ્રેમિલાબહેનના અવસાનના સમાચાર જાણવા મળે છે. તે તરત જ ઇંગ્લેન્ડથી ભારત આવવા રવાના થાય છે. કથાનો આરંભ જ આ ઘટનાથી થાય છે. મધ્ય ભાગમાં લેખક અન્ય જરૂરી વિગતો આલેખે છે. 'દાંતના ડૉક્ટર'માં શીર્ષક અનુસાર દાંતના ડૉક્ટરની જ વાત છે. જોકે આ દાંતના ડૉક્ટર બીજું કોઈ નહીં પણ વાર્તાના નાયક નિવૃત્ત શિક્ષક એવા હસમુખરાયના વિદ્યાર્થી છે. શિક્ષકને દાંતમાં સણકો ઉપડતા તે દવાખાને જાય છે. અહીં ડોક્ટર તરીકે ફરજ બજાવનાર વ્યક્તિ તેમનો વિદ્યાર્થી નીકળે છે.

દરેક મા-બાપ માટે દીકરીને સાસરે વળાવવાનો અવસર પીડાદાયક છે. 'ચકલી ઊડી ગઈ'માં મૌલિક અને પ્રમીલાની દીકરી આશાની વાત છે. તામિલનાડુનો સ્નેહલ; મૌલિક અને પ્રમીલાની દીકરી આશા માટે છેક તામિલનાડુથી જાન લઈ નડિયાદ આવે છે. સંગ્રહની શ્રેષ્ઠ વાર્તા તરીકે 'ગાડી ઉપડી ગઈ'ને લેખી શકાય. પ્રેમમાં પાગલ બની બેઠેલા યુવક-યુવતી ઘણીવાર અયોગ્ય પગલું ભરી બેસે છે. પરિણામે વેઠવાનું માબાપને આવે છે. પ્રેમમાં અંધ બની બેઠેલા યુવક-યુવતી માટે આ વાર્તા લાલબત્તી સમાન છે. અહીં કૃપા નામની યુવતી છે કે જે કેયૂર નામના લોલુપ પ્રેમીના 'પ્રેમ'માં પાગલ બની પોતાના મા-બાપને છોડવા માટે તૈયાર થઈ ગઈ છે. પ્રારંભે રાત્રિનું શબ્દચિત્ર આલેખવામાં આવ્યું છે. રાત્રિના અગિયાર વાગ્યા છે અને કૃપા ગૃહત્યાગના વિચારને આખરી અંજામ આપવાની કશ્મકશમાં છે. એ જ વખતે પેલો કેયૂર તેને વારંવાર ફોન કરીને રેલ્વે સ્ટેશન આવી જવા જણાવે છે. એ દરમિયાન એક એવો વળાંક આવે છે કે પોતાના નિર્ણયમાં દૃઢ કૃપા; ગૃહત્યાગનો વિચાર કૅન્સલ કરી નાખે છે. એ વળાંક શું હશે!?

લેખકની ચેતના નાતાલ જેવા ખ્રિસ્તી ધર્મના આનંદી તહેવારને વધારે સ્પર્શી છે. 'નીતાની નાતાલ' પ્રેરક અને હિંમત બક્ષનારી વાર્તા છે. નિરાશાની ગર્તામાં ધકેલાયેલા કોઈપણ માનવીને ચેતનવંતો અને આશાવાદી બનાવે એવી આ વાર્તામાં નાતાલની પૂર્વસંધ્યાના સમયનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અનિલા અને નીતા નામની બે સખી બી.એડ્‌ની સહાધ્યાયિનીઓ હતી. અનિલાના મમ્મી આઘાપાછી કરીને અનિલાને નોકરી અપાવી દે છે. જોકે સામે પક્ષે નીતા આખા વર્ષ દરમિયાન જુદી જુદી જગ્યાએ ઈન્ટરવ્યૂ આપે છે. પરંતુ તેને ક્યાંય સફળતા ન મળતાં હતાશ થઈ જાય છે. લેખકે આ વાર્તામાં ભ્રષ્ટાચાર કે લાંચના દૂષણને ઉઘાડું કર્યું છે. નીતાને નોકરી આપવાની તૈયારી તો બતાવવામાં આવે છે પણ 'રકમ'આપવાની

શરતે! સિદ્ધાંતવાદી નીતા આવો સોદો કરવા તૈયાર નથી. વાર્તાના અંતે એક પત્ર નીતાની ચહેરા પર ખુશી રેલાવી દે છે.

'માતૃવાત્સલ્ય'માં લેખકે સ્ત્રીસહજ સંવેદનાને આબાદ ઝીલી છે. નિઃસંતાન કે સંતાનવિહોણી સ્ત્રીની મનોવ્યથા કેવી હોય એનો તાગ વાચક અહીં પામી શકે છે. અહીં બકુલા અને બીના નામની બે સખીની વાત છે. બકુલાને સંતાનોમાં બે દીકરીઓ અને એક દીકરો છે. બીના સંતાન વિહોણી છે. બકુલા તેમના ત્રણેય સંતાનને લઈને બીનાના ઘરે આવે છે. બીનાને બકુલાની દીકરી અર્પિતા ખૂબ ગમે છે. તે પૂછે છે, ''આ તારી અર્પિતા મને આપીશ ખરી?'' અર્પિતા એટલે બકુલાની બે દીકરીઓમાંની એક દીકરી. બકુલાને બીનાએ કરેલી વાત ગમતી નથી. તે ત્રણેય બાળકોને લઈને ત્યાંથી ચાલી જાય છે. આ બાબત બકુલાના પતિના ધ્યાનમાં આવતાં તેઓ પત્ની બકુલાને શાંતિથી સમજાવે છે. બંને બીનાના ઘરે જાય છે અને અહીં બીનાની માતૃવાત્સલ્યની ભાવનાને સંતોષવા અર્પિતાનું અર્પણ કરવામાં આવે છે.

'સાતમી સુવાવડમાં શિશુનો પ્રસવ'માં એક ગર્ભવતી સગીરા અને એક પુખ્તવયની સ્ત્રીની વાત છે. આ સ્ત્રી પણ ગર્ભવતી છે. આ સ્ત્રીનું નામ મમતા છે. બંને જણ એક જ હોસ્પિટલમાં દાખલ થયેલા છે. મમતાને પૂર્વે છ-છ સુવાવડ થઈ ચૂકી છે. એના તમામ બાળકો મોતને ભેટ્યા છે. સાતમી સુવાવડ વખતે પણ મૃત શિશુનો જન્મ થતાં તે નિરાશ થઈ જાય છે. બીજે છેડે સગીરા કુંવારી માતા બની હોઈ એના માટે પુત્રજન્મનું કોઈ ખાસ મહત્ત્વ નથી. તે નવજાત શિશુને હોસ્પિટલને હવાલે કરીને ચાલી જાય છે. મમતા પેલા તરછોડાયેલા બાળકની માતા બનવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત કરે છે.

લેખકે પ્રસવની વાત 'પ્રવાસમાં પ્રસવ'માં કરી છે અને અહીં 'સાતમી સુવાવડમાં શિશુનો પ્રસવ'માં પણ તેની જ વાત આવે છે. કદાચ એટલે જ લેખકને સંગ્રહનું શીર્ષક 'પ્રસવ' રાખવાનું સૂઝયું હશે! 'ક્રિસમસ કાર્ડ' રચનામાં ક્રિસમસ કાર્ડ; પતિ-પત્ની વચ્ચેના સંબંધો તોડવાનું અને કેટલાક વર્ષો બાદ જોડવાનું કામ કરે છે. આ નવલિકામાં લેખકે ઘટનાને સુસંગત પોતાના વિચારો પણ વ્યક્ત કર્યા છે. અહીં લેખક લખે છે કે ''માણસના મનમા અન્ય વ્યક્તિ પ્રત્યે ક્યારે નફરત પેદા થઈ જાય તે સમજી શકાતું નથી. કાલના પ્રેમસંબંધો વીસરાઈ જઈને આજે વેર બંધાય છે.'' માનવસંબંધની કરૂણતા વિશે લેખક લખે છે કે ''સંબંધો તૂટવા માંડે છે ત્યારે ઘડીના છઠ્ઠા ભાગમાં ભસ્મીભૂત થઈ જાય છે. પરંતુ એટલી જ ઝડપે તે સંધાતા નથી. કેટલાક સંજોગોમાં તો મરણપર્યંત એ સંબંધો વણસેલા રહે છે. કદાચ એ સંબંધો પુનઃસંધાય એવું બને પણ એમાં અસલની મીઠાશ આવતી નથી. વચ્ચે ગાંઠ ઉપસેલી રહે છે.''

'આ ધર્મશાળા છે, પ્રસવગૃહ નથી.'માં બાઈબલની ઘટના લેવામાં આવી છે. પ્રસવ માટેની જગ્યા શોધવા માટે મારિયા અને જોસેફને કેવી હાલાકી ભોગવવી પડે છે એ વાતનો બાઈબલમાં ઉલ્લેખ વાંચવા મળે છે. અહીં લેખકે આગવી રીતે આ વાતને શબ્દદેહ આપ્યો છે. ધર્મશાળાના માલિક જેમ્સનો અહીં ઉલ્લેખ વાંચવા મળે છે જે યહૂદી છે. દંભી છે અને પૈસાનો દાસ છે. તેની સામે અબ્રાહમ નામનો ભલો આદમી મારિયા અને જોસેફને ગભાણની જગ્યા સાફ કરી આપે છે.

'નાતાલની ભેટ'માં મંજુલા નામની બાઈ કચરા પોતાં કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. કોઈ એક વખતે પોતે સાચી હોવા છતાં તેની ઉપર ચોરીનો આક્ષેપ આવે છે. પરંતુ અહીં વળાંક એવો આવે છે કે તેની ઉપર આક્ષેપ મૂકનાર; બાઈના ઘરે આવીને પોતાની જ ગેરસમજ થઈ હોવાની વાત કરીને બાઈને પુનઃ કામ પર આવવા અનુરોધ કરે છે. 'ક્રિસમસનો કાર્યક્રમ'માં સત્યાનંદ અને સુનિતા નામના પાત્રો છે. તેઓ શાળામાં ભણતા હતા ત્યારે એક નાટકમાં બંનેએ ભાગ લીધો હતો. સુનિતાએ મારિયાનું પાત્ર ભજવેલું જ્યારે જોસેફનું પાત્ર સત્યાનંદે ભજવેલું. એ પછી બંને છૂટા પડી જાય છે. વર્ષો બાદ કોઈ એક શાળામાં બંનેનો ભેટો થાય છે. બંને અહી નોકરી માટેના ઈન્ટરવ્યૂ માટે આવેલા છે. સદ્નસીબે એમને તે શાળામાં નોકરી કરવાની તક મળી જાય છે. તેમના બાળકો પણ અહીં મારિયા અને જોસેફનું પાત્ર ભજવી સત્યાનંદ અને સુનિતાની બાળપણની યાદો તાજી કરી દે છે.

'તૃપ્તિના ઓડકાર'માં નૂતનવર્ષ પૂર્વેની સંધ્યાનો સમય આલેખવામાં આવ્યો છે. નૂતનવર્ષની ઉજવણી કઈ રીતે કરીએ તો તે સાર્થક લેખાય એ અંગે ચર્ચા થાય છે અને એ પછી ભૂખ્યાજનોને જમવાનું આપવાનું સર્વાનુમતે નક્કી થાય છે. તરછોડાયેલા ને જરૂરિયાતમંદ ગરીબ

લોકોને સરસ ભોજન આપવામાં આવે છે.એ પછી તે બધા પોતપોતાના ઠેકાણે ચાલ્યા જાય છે. સવારે જ્યારે તેઓ જાગે છે ત્યારે લેખક લખે છે એ પ્રમાણે નૂતન સાલના નવા સૂરજના ઉદયનો પ્રકાશ તેઓના મુખને ચમકાવી રહ્યો હતો.

'પ્રભાતના હર્ષાનંદનો સમય'માં બાઈબલનો પેલો પ્રસંગ આપણા માનસપટ પર છવાઈ જાય છે કે જ્યારે ઈસુના શબને કબરમાં લઈ જવામાં લઈ જવામાં આવે છે. અને એ પછી કોઈ એક સવારે કેટલીક સ્ત્રીઓ તે કબરના દરવાજે પહોંચી જાય છે. આ જ ઘટનાને લેખકે સંવાદો દ્વારા વાર્તાના રૂપમાં આપણી સમક્ષ પેશ કરી છે. 'પાછો આવેલો પુત્ર'માં 'ઉડાઉ દીકરા'નું પાત્ર જીવંત થાય છે. 'કૂવાને કાંઠે ગુરુ અને શિષ્યા'માં સમરૂની બાઈનો પ્રસંગ જીવંત થાય છે. 'લીલીછમ વાડી'માં પ્રલોભનમાં ફસાયેલો સમીર એની પત્નીની સમજાવટથી બચી જવા પામે છે. અયોગ્ય રીતે મેળવેલા પૈસાને તે જે તે વ્યક્તિને પરત આપી આવે છે. 'પ્રશાંતે પ્રસારેલો શુભસંદેશ'માં પ્રશાંત નામનો મિશનરી શેરસિંગ નામના એક ત્રાસવાદીના સંપર્કમાં આવે છે. પ્રશાંત પોતાના વાણી-વર્તન થકી પેલા શેરસિંગનું હૃદયપરિવર્તન કરવામાં કામિયાબ નીવડે છે. 'જીવીએ અને જીવવા દઈએ'માં વર્તમાન યુગમાં પ્રવર્તી રહેલા દંભ, કપટ, શોષણવૃત્તિ વગેરેને ખુલ્લા પાડવામાં આવ્યા છે. લેખકે નાતાલના સમયસંદર્ભને ઘણીખરી વાર્તામાં આલેખ્યો છે. વળી, પ્રસવની બાબતને પણ વાર્તાના કેન્દ્રમાં રાખીને લેખકે રચના કરી છે. લેખકની સાહિત્યિક મજલ છે દાયકાની છે. એટલે એ એમનું જમાપાસું કહી શકાય.

અલબત્ત, આ સંગ્રહમાં ઠેકઠેકાણે જોડણીદોષો પણ ધ્યાનમાં આવે છે. જેમકે પાના નં. ૯ ઉપર 'આયખું' ને સ્થાને 'આખું' વાંચવા મળે છે. પાના નં ૧૯ ઉપર પ્રારંભે 'ધર્માધ્યક્ષ'ને બદલે 'ધમોધ્યક્ષ' જોવા મળે છે. પાના નં. ૨૫ ઉપર 'ખ્યાલ'ને સ્થાને 'ક્યાલ' છપાયું છે. પાના નં. ૨૮ ઉપર સાચા શબ્દ 'સાત્ત્વિક'ને સ્થાને 'સાત્વિક' વાંચવા મળે છે. પાના નં. ૬૩ ઉપર 'થાકી'ને સ્થાને 'તાકી' વાંચવામાં આવે છે. આ જ પાના ઉપર 'તેને'ને સ્થાને 'તને' વાંચવા મળે છે. પાના નં. ૬૮ ઉપર અનુભવીને સ્થાને 'અનુબવી' વાંચવા મળે છે. પાના નં. ૭૬ ઉપર 'ખાલી'ને સ્થાને 'કાલી' વાંચવા મળે છે. પાના નં. ૮૨ ઉપર 'ખૂબ'ની જગ્યાએ 'કૂબ' વાંચવા મળે છે. પુસ્તક પ્રકાશિત કરતા પૂર્વે જો પૂરતી કાળજી લેવામાં આવે તો જોડણીદોષોને ટાળી શકાય છે. વાચક સમક્ષ આ સંગ્રહ એક સામાજિક દસ્તાવેજ રૂપે પણ પ્રગટ થતો હોય એવું લાગે છે. જો કોઈ બિન ખ્રિસ્તી વાચક આ સંગ્રહમાંથી પસાર થાય તો તે ચોક્કસપણે સમાજની સંસ્કૃતિ અને અન્ય જાણવાલાયક બાબતોથી માહિતગાર બની શકે છે. સમયનો તકાજો છે કે આ પ્રકારની વાર્તા લખાય. આ સંગ્રહમાંથી પસાર થતાં એવી પણ પ્રતીતિ થાય છે કે લેખકે સંવેદનાની સાથે સાથે માનવમૂલ્યોને પણ પોતાની કૃતિઓમાં તાક્યા છે. દરેક કૃતિ કોઈને કોઈ સંદેશ છોડી જાય છે.

ખ્રિસ્તી મહોલ્લો, વલાસણ, તા.જી. આણંદ-૩૮૮૩૨૫,
મો. ૯૬૩૮૬૦૭૮૧૫

## ॥ વિદ્યાવૃત્ત ॥

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી દ્વારા ૨ જી ઓક્ટોબરના રોજ રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી અને પૂર્વ વડાપ્રધાન પૂજ્ય લાલબહાદુર શાસ્ત્રીજીની ૧૧૫મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી જેની શરૂઆત સવારે પ્રભાતફેરીથી કરવામાં આવી હતી. વલ્લભ વિદ્યાનગર સ્થિત ૧૩ ગુજરાત એન.સી.સી.બટાલિયનના સેનામેડલથી સન્માનિત કર્નલ જ્ઞાનપ્રસાદ ચૌધરી અને શાળાના આચાર્યશ્રી વિજયકુમાર સુથારે પ્રભાતફેરીને શાળાએથી પ્રસ્થાન કરાવી હતી જે વિદ્યાનગરના મુખ્ય માર્ગ પર ફરી ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જી.ભીખુભાઈ પટેલ સાહેબના નિવાસસ્થાને પહોંચતા શ્રી ભીખુભાઈ સાહેબે પૂ.મહાત્મા ગાંધીજી અને પૂ.શાસ્ત્રીજીની પ્રતિમાને સુતરની આંટી અર્પણ કરી અને વિદ્યાર્થીઓને મ્હોં મીઠું કરાવી ગાંધીજીના આદર્શો પોતાના જીવનમાં અપનાવવા અનુરોધ કર્યો હતો. માર્ગમાં વલ્લભ વિદ્યાનગર પોલીસ સ્ટેશન સમીપ પહોંચતા પોલીસ અધિકારી શ્રીમતી જાડેજાએ પ્રભાતફેરીનું સ્વાગત કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતાં. શાળામાં યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સ્વચ્છતા અંગે શપથ લેવડાવ્યા અને આચાર્યશ્રી વિજયકુમાર સુથારે પૂ.મહાત્મા ગાંધીજીના સત્ય,અહિંસા, સ્વદેશી, સમાનતા, એકતા, સાદગી જેવા સદ્‌ગુણો પોતાના જીવનમાં અપનાવવા અનુરોધ કર્યો હતો.

॥ નિબંધ ॥

## આંખોની ઉજાણી : ઊટી

હરીશ મહુવાકર

ખ્યાત નામ ઊટી. આ ક્વિન ઓફ હિલ્સનું પૂરું નામ ઉડાગામંડલમ. સ્થાનિક ટોડા જાતિના લોકોની ભાષામાં મંડલમ એટલે ગામ અને 'ઉટાકા' અથવા 'ઉડાગા'નો મતલબ એક પથ્થર થાય. ટોડા લોકોને મન એ પવિત્ર પથ્થર હોવાથી ત્યાં ગામ વસ્યું. અંગ્રેજીમાં ઉટાકામન્ડ લખાતું અને આખરે ઊટી તરીકે ઓળખાયું.

તમિલનાડુના નીલગીરી જિલ્લામાં કોઈમ્બતૂરથી આશરે એંશી કિલોમીટરના અંતરે આ હવાખાવાનું સ્થળ આવેલું છે. આખોય નીલગીરી પ્રદેશ ભારે રળિયામણો છે. નામ જ કેટલું મોહક છે ! જ્યાં ગીરી નીલી એટલે બ્લૂ છે તે પ્રદેશ. હકીકત આમ છે : અહીં હર બાર વરસે પહાડીઓ પર નીલા રંગના કુરુંજી ફૂલો ખીલે છે ને આખીય ગિરિમાળ નીલરંગી થઈ જાય છે. એટલે નીલગીરી નામ.

એ પણ ખરું જ છે કે અહીં તહીં ભરપૂર માત્રામાં નીલગીરીના ઊંચા-નીચા, નાના-મોટા વૃક્ષો છે. ગામડામાં વસ્તી ઓછી ને શહેરમાં ઝાઝી એ ન્યાયે આ પ્રદેશમાં નીલગીરીની ગ્રામ્ય અને શહેરી વસાહતો જોવા મળે એટલે મોટાભાગના એવું માને છે કે આ વૃક્ષોના પ્રમાણને ધ્યાનમાં લઈ નીલગીરી નામ પડ્યું હશે.

હું પહાડી પરની એક હોટલના આંગણામાં ઊભો છું. આસપાસ નીલગીરીના વૃક્ષોએ ઘેરો રચી દીધો છે. ભીની ધુમ્મસીયા સવાર સામેની પહાડી પરથી બીજી તરફ જઈ રહી છે. પરદો હટી રહ્યો છે. એક પછી એક ઉન્નત, લીલેરા, સ્થિર નીલગીરીના ને બીજા ઘાટા વૃક્ષો બહાર આવીને સૃષ્ટિને આવકારી રહ્યા છે. ત્રણે તરફની ઢોળાવોવાળી પહાડી હવે સાવ ખુલી ગઈ. જૂના, પુરાણા અને આધુનિક મકાનોનો જમેલો કે છૂટોછવાયો વિસ્તાર આ વૃક્ષોમાં ડૂબેલો હોવાથી આંખોને વળગી પડ્યો. સ્થિર, સંચાર વિનાનું દ્રશ્ય રચાઈ રહ્યું. પંખીઓ અને હવા આંખો મીંચી, પલાંઠી વાળીને પ્રાર્થનામાં બેસી ગયા હશે કે શું ? સૃષ્ટિમાં પ્રાણ પૂર્વ આકાશી દેવતા ક્યારના આવી ચૂક્યા હતા પરંતુ માહોલ એમને ફરિયાદ કરતો હતો : 'ઉતાવળ શું છે ? જરાક જંપ લેવા દ્યો ને ! હજુ થાક વરતાય છે. પછી આખો દિવસ ધમાલ જ છે ને !'

અમે સવારે નીકળી પડ્યા ડોડાબેટા જવા. ત્યાં પહોંચતા સુધીનો માર્ગ અફલાતૂન રહ્યો પરંતુ જાહેર સ્થળોને ગોબરા કરી મૂકવાની ભારતીય સંસ્કૃતિએ ડોડાબેટા શિખરનો ભોગ લઈ લીધો. રસ્તા પરથી મૂળ જગ્યા પર પહોંચવાના બસ્સો મીટર લાંબા રસ્તા પર ઝૂંપડાઓમાં દુકાનો ઊભી થઈ ગઈ છે. સવારના દસ થયા હતા પણ ભીડ ભારી થઈ ગઈ. ગંદકીસભર રસ્તા અને ભીડમાંથી આરપાર થતા મજા મરી ગઈ.

'ડોડાબેટા' એટલે 'મોટું શિખર'. નીલગીરી પ્રદેશનું ૨૬૨૩ મીટર ઊંચાઈએ રહેલું સૌથી ઊંચું શિખર. હરિયાળી ખીણમાં વસેલું ઊટી શહેર અહીંથી દિલહર લાગે. નાના નાના કસબા તેના અસબાબ થકી વધુ સૌંદર્યવાન લાગતા હતા. ચારે બાજુના દ્રશ્યો ખુશી આપનારા દેખાય. ધુમ્મસની લીલા જોઈ શકાય. કોબી, ફ્લાવર, ગાજર, મૂળાના નાના-મોટા ખેતરો સાવ જુદી ભાત રચે. પહાડી પછી પહાડી એમ લંબાયેલો પૂરોય કેનવાસ આંખોની ઉજાણી લઈ આવે છે. બધુંય સારું, રૂડું, રૂપાળું હતું પણ તોય ખબર નહિ મન કેમેય કરીને જગ્યામાં ચોંટ્યું નહિ.

માણસજાતને વારવા પાટિયા લગાવવા પડે છે, ઐસા હૈ મેરા દેશ. 'પ્રાણીઓને કશું ખવડાવશો નહી' એવા સાઈન બોર્ડ લાગેલા હતા. કદાચ ઘણાને એ વાંચીને પ્રેરણા મળતી હશે એમ તેઓ ત્યાં રહેલા વાંદરાઓને ફળો ખવડાવતા હતા. વાંદરો પ્રાણી છે તો મનુષ્ય પ્રાણી જ છે ને ! સમાન હોવાના કોઈક સગડ તો રહેવા જોઈએ ને !

પહાડીઓની વચ્ચે રહેલા કુદરતી કે માનવસર્જિત તળાવોમાં નૌકાવિહાર કરવાની હરકોઈને તમન્ના હોય. દરેક સ્થળ અલગ હોય એટલે દરેક જગ્યાએ નૌકાવિહાર માટે મન તલપાપડ થયા કરે. ઊટીનું તળાવ બે કિલોમીટરના ઘેરાવામાં ને બસ્સો વરસ પુરાણું છે. નીલગીરીના વૃક્ષો અને 'હરિયાલી ઔર રાસ્તા.' પાણી મોહક લાગે, હોડી મોહક લાગે, આકાશ પોતીકું લાગે ને પોતીકા માણસો આવા માહોલમાં આપણા હોવાપણાને મજબૂતી આપતા લાગે.

બીજી હોડીઓને જોઈને રાજી થવાય. એની પછવાડે રચાતા જળમાર્ગને જોઈ રાજી થવાય. રંગબેરંગી હોડી ને રંગબેરંગી માણસો. આગળ વધતી રહે હોડી ત્યારે મન કિનારે પહોંચી જાય, આગળના ઓવારે ધસી જાય. પાછળ છૂટી ગયેલી જગ્યાએ પહોંચે. વૃક્ષોની ઝૂલતી શાખાઓમાં પરોવાય. કોઈ પંખી ઊડીને જાય છે ને એની પાંખોમાં મન પરોવાય. હાથ પાણીમાં ડૂબે. શરીર હોડીમાં સરે અને આત્મા અહીં તહીં પ્રસન્ન મુદ્રામાં દોડમદોડ કરે. તળાવ આવું આવું કરાવે.

ઊટીમાં નીલગીરીના વૃક્ષો એમ નૈનીતાલમાં પાઈનના. અહીંના પાઈન વૃક્ષો ગોઠવણપૂર્વક ઉગાડાયા છે. આકર્ષણ

ઊભું કરવાના ઈરાદે. ટુરિસ્ટ સ્પોટ તરીકે. પણ આ વ્યવસ્થા વરસો અગાઉની છે એટલે પાઈન ફોરેસ્ટ ગાર્ડન ઘણો પુરાણો દેખાઈ આવે છે. વૃક્ષોની ઉંમર ઘણી હશે એ એમના દેખાવ પરથી કહી શકાય. એકસરખી હારમાં એક સરખા અંતરે ઊભેલા પાઈનવાળું આ નાનકડું ફોરેસ્ટ શુષ્ક આંખોવાળાનેય ગમી જ જાય.

ઘાંસલ હળવો ઢોળાવ ચડતા ખાસ્સા ઊંચા વૃક્ષો આવે. ત્યાં આપણે ઊભા રહીએ કે આપણી લઘુતાનું ભાન કરાવે. પ્રકૃતિની વિશાળતા જ આપણને એને પૂજવા તરફ દોરી જાય. રીહાને ઘાસમાં ઉપર નીચે દોડાદોડી કરી. ઈશા અને નિમ્મી ઉતરતા જતા ઢોળાવોની પેલે પારના પહાડોને તાકતા ઊભા. મારું ધ્યાન કાળા, રતાશ પામેલા વૃક્ષોના થડની આરપાર જઈ રહ્યું. થોડીવારે અમે સહુ ઘૂસ્યા અંદર. કોઈ નીચલી શાખાઓને હલાવી, ફંટાયેલા થડની વચ્ચે ઊભા, પાઈનને અડીને ઊભા. જાતજાતના એન્ગલ બનાવી પાઈનની નજીક-દૂર થયા કર્યાં. સામે છેડે ગયા. અહીં ઢોળાવ લગભગ સપાટ ભૂમિ જેવા હતા. ખેતર દેખાયું, નાનકડી નદી દેખાઈ. અને ઢોળાવો પર ચરતી ગાયો દેખાઈ.

પરાણે બહાર નીકળ્યા. આગળ વધ્યા ત્યારે રસ્તો થોડો પહોળો થયો. સુંવાળો થયો. બંને તરફ રસ્તાની ધારે વૃક્ષોનો મેળાવડો રસ્તાને રૂડાપણાનો રૂઆબ આપતા હતા. બસમાંથી આગળ દેખાતો રસ્તો હજુ વધુ ઉકલ્યો ન ઉકલ્યો કે આવ્યું કામરાજ સાગર. નર્યા સૌંદર્ય વચ્ચે વિશાળ જળરાશી સાથે ઊભું છે આ તળાવ. એકબાજુએ ડેમના દરવાજા છે. નાના ડેમની પેલી પાર જઈ શકાય તેવું હતું. આ તરફ વૃક્ષો પાણીની કાનાફૂસી કરતા દેખાયા. સામેના છેડે બીજા વૃક્ષો આ તમાશો જોતા ઊભા રહેલા. પેલી તરફની પહાડીને કશી પડી નહોતી એટલે પાણીથી દૂર દૂર થયે જતી હતી. આ બાજુ ઊભા રહીને અમે તળાવને આંખમાં પરોવ્યું.

ફિલ્મ શૂટિંગ સ્પોટ પહોંચ્યા. લીલીછમ પાતળી કેડી અમને ઊંચાઈ પર લઈ જવા લાગી. સુંવાળા ઘાસનો પોશાક પહેરી રાખેલ આ સ્થળે. વૃક્ષોને સંગત આપતો આખોય પરિવેશ ખૂલતો જતો હતો. ટોચ પર પહોંચતા આવી અન્ય રૂપાળી ટેકરીઓ દૂર દૂર સુધી વિસ્તરેલી જોવા મળે. એમાં ચડ ઉતર કરેલા વાહનોને લઈને મજાના ટ્રેક ઉપસી આવેલા. કોઈ કાર, કોઈ જીપ ત્યાં દેખાય. મન રોમેન્ટિક જ રહે છે. કેટકેટલું મનમાં આવવા લાગે ! પ્રિયતમનો હાથ પકડી દોડવા લાગીએ, નાચીએ, ગાઈએ, નખરા કરીએ. પરણીને નિમ્મીને લઈને નૈનીતાલ ગયેલો. ટોળાની પરવા કર્યા વિના ડાકૂનો પહેરવેશ પહેરીને, ખભે બંદૂક લટકાવીને એને બાહુઓમાં ઊંચકીને ટીફીનટોપ ઉપર ફોટો પડાવેલો. ટોળાએ એ વખતે ચિચિયારી કરી અમારી ચેષ્ટાને વધાવેલી. પણ એ વખતે હું ચોવીસનો હતો ને અત્યારે અડતાલીસનો થયો છું. મન મરી નથી ગયું પરંતુ ખુશીની અભિવ્યક્તિની રીત બદલાઈ છે. પૂરા પરિવાર સાથે હોવાનો આનંદ પણ જુદી રીતનો હોય છે. દરેક પળનો આનંદ એ સમયનો અને અત્યારનો આ.

અલબત્ત નીમ્મીનો હાથ મારા હાથમાં હતો. રીહાન અમારી આગળ દોડમદોડી કરી રહેલો. ઈશાએ એને પ્રવાહી લઈ આપ્યું એ પરપોટા ઉડાડવા લાગ્યો. દૂર દૂર સરી જતા એ નાના મોટા પરપોટા અમને ઊંચકવા લાગ્યા. અમે બંને પણ રીહાન પછવાડે દોડ્યા. ઈશાએ અમને એના મોબાઈલમાં ઉતાર્યા. ઉપર પહોંચીને થાકતા, બધું તાકતા બેઠા. એક બાજુ ધીરેથી ખીણ રચાઈ રહે છે. અમારી પછવાડેની બાજુએ તરુઓનું જગત ઊભું હતું. ભૂલભૂલામણું, બિહામણું લાગે એવું ઘાટું જંગલ !

પાયક્રા બોટીંગ હાઉસ પહોંચ્યા ત્યારે તાપ વધી પડ્યો. ગરમી લાગી. ભીડને લીધે અકળામણ થઈ પરંતુ કામરાજ સાગરના ગોત્રનું જ આ તળાવ. વધારાનું આકર્ષણ બોટીંગ. હવે બોટીંગની કોઈ ઈચ્છા નહોતી. તળાવકિનારાના રેસ્ટોરાંમાં આઈસ્ક્રીમ ખાતા ખાતા સૌંદર્યને પીતા પીતા તાજગીને અમારામાં ઉતારવા લાગ્યા.

નાચતી નદી ને ગાતી નદી એટલે પાયક્રા નદી. પહાડો સાથે લડતી, બેય બાજુ વૃક્ષોની ફોજને સાથે રાખીને એ ચાલી આવે છે. દૂરથી એના પાતળા નીલા પાણીનો આ બાજુ આવી રહેલો પ્રવાહ દેખાય છે. ખડકાળ માર્ગ છે એનો એથી એ નાચતી લાગે. કાળા પથરાઓ સાથે પાણી અફળાઈને પોતાને શ્વેતરંગમાં ફેરવીને પુનઃ વિખરાઈ જાય છે ત્યારે એના પુનઃ સર્જનનું ગીત રચાઈ રહે છે. પગથિયાં કૂદતી કૂદતી પહોળા પાટલે મહાલતી આવે. નદીનાદ સિવાય બાકીનું શાંત. સ્થિર માહોલ. તન-મનને ધીમે-ધીમે બહેલાવતી ઠંડક ભરી હવા નીતર્યા શુદ્ધ પાણી પરથી વહીને આવે છે ત્યારે એની સાથે તૃપ્તિ અને ઊંડો સંતોષ પણ લેતી આવે છે.

વૃક્ષો નીચે લંચ લેવાની મજા અનેરી હોય છે ! ઘણી વખત અમે ભાવનગરથી નીકળી પડીએ લંચ સાથે લઈને. શહેરને અડીને આવેલા ફૂલઝરીયા હનુમાન, લાખણકા ડેમ, નાગધણીબા સરોવર, પાણીયાળી ગામના ધોધ પાસેના

વૃક્ષોએ અમારા લંચને જોયું છે. શી ખબર એ વૃક્ષોની નજર અહીં સુધી લંબાઈ હોય ! નદી સુધી લંબાતા માર્ગ ઉપર 'અન્ડર ધ ગ્રીનવુડ ટ્રી' અમે લંચ કરવા બેઠા. ભાવનગરની ભૂમિની મહેક ઊટીની હવામાં ભળી ગઈ અને જીભ થકી ત્યાંનો અહીંનો એકસરખો સ્વાદ પેટમાં જઈ બેઠો.

સૂતરફેણી લીધી રીહાને. ફેરિયો એને કહેતો હતો, 'આ પ્લાસ્ટિકના રેપરને ડસ્ટબીનમાં જ નાખજે હો બચ્ચા.' વિશાળ સફાઈ અભિયાનમાં આવા નાના માણસોનો ફાળો ધ્યાને નથી આવતો. એના યોગદાન માટે મારા મને એને મનોમન દાદ દીધી.

મુદુમલાઈ વાઈલ્ડ લાઈફ સેન્ચુરી હજુ ચાલીસેક કિલોમીટર દૂર હતી. સાડા પાંચે સરકારી સફારી બંધ થઈ જાય એ પહેલા પ્રવેશ મેળવી લેવો જરૂરી હતો. અમારા માટે ગૂડલૂર માર્ગ ફરીથી સામે આવ્યો. કેટલોક આનંદ સહજ પુનઃ પ્રાપ્ત થતો હોય છે ને !

બસે ઉતાવળ કરી. તો પણ સમયસર ન પહોંચી શક્યા. માત્ર થોડી મિનિટો અમે મોડા પડ્યા. મને શક ઊભો થયો. બસને પહોંચતા સાડા પાંચ થઈ જવાના એની ડ્રાઈવરને ખબર હોય જ. એણે બસને વહેલી ઉપાડવા કહેવું જોઈએ. એણે એમ નહોતું કર્યું. બીજો રસ્તો રહેતો નથી. અહીં આવ્યા પછી કશુંક ને કશુંક મેળવવાના લોભે પ્રવાસી ખાનગી સફારી કરવાનો. આમનું એ લોકો સાથે સેટિંગ હોય છે. પણ પછી 'બાવા બનના હૈ તો હિન્દી બોલના પડેગા અને એમ ઈધર આયા હૈ તો છેતરાના પડેગા'થી મનનું સમાધાન કર્યું. જાણી જોઈને છેતરાવું સારું એમ કરી ખાનગી સફારી લીધી. સરકારી સફારી નિશ્ચિત સ્વરૂપે કેટલુંક દર્શન કરાવે જ જ્યારે ખાનગી સફારીમાં કોઈ ખાતરી નહીં. રકઝક કરી અમારી સાથેના લોકો પણ ખાનગી સફારીમાં ગોઠવાયા. ડ્રાઈવરે કહી દીધું, 'પૂરી કોશિશ કરીશ. ગાડી ધીમે ધીમે જ ચાલશે. પાકા રોડ પર ચાલશે. અંદર કાચા રસ્તાઓમાં નહીં જાય. કંઈ નહિ મળે તો હું જવાબદાર નથી. જીવનમાં પણ ક્યાં કોઈ વસ્તુઓનો ભરોસો હોય છે ! એટલે અમારી 'શાન કી સવારી' ચાલી.

શરૂઆતમાં 'લાઈફ'ને બાદ રાખી 'વાઈલ્ડ ફોરેસ્ટ' નજરે ચડ્યું. રસ્તાની ધારે ધારે વહેતી જતી પાતળી નદીનું ઝરણું, એના કાંઠામાં, ને વહેણમાં અને દૂર-નજીક રહેલા જાતજાતના વૃક્ષો, પાણી ભરેલા ખાડા ખાબોચિયા, સાવ બાળુડા એવા ચેકડેમ સતત સામે આવ્યા કરતા હતા. આછો અંધકાર ઝીલતા વૃક્ષો, ઝાડી-ઝાંખરા અને વનોની શાંતિ વચ્ચેથી નીકળવાનું સ્વપ્નવત લાગે. વખતે વખતે વનનો ખુલ્લો ભાગ દેખાઈ આવે, ગીચ ઝાડી સામે આવે, ખેતર જેવું મેદાન નજરે પડે.

અમારી આંખો ખાંખાખોળા કરી રહી. પરિણામ તરત મળ્યું. લ્યો, જુઓ સામે. બે હરણા દેખાયા. રાજીપાનું પહેલું પગથિયું ચડ્યા. લ્યો, જુઓ સામે, સસલું ક્રોસ થયું, ને હરણનું ટોળું દેખાયું. પંદર વીસ કદાચને. રાજીપાનું બીજું પગથિયું. અમારા માટે એકેય પગથિયું નહિ. ગીરના જંગલમાં ટોળાબંધ જોયેલા હરણો એટલે. પણ સહુની સાથે પગથિયા ચડવાના હો કે !

પણ પછી પગથિયા લંબાયા. મોડે સુધી કશું આંખવગુ થયું નહિ. જંગલને દયા આવી તે એણે એક મદનિયું અને એની માને મોકલી આપ્યા. ખાસ્સા દૂર એ બંને ચાલીને જઈ રહ્યા હતા. આ હતું ત્રીજું પગથિયું. સામેથી આવતી જીપ ઊભી રહી ગઈ. કોઈ કે કહ્યું વાઘ હોઈ શકે. સમય પસાર થયો અને અમે ચોથા પગથિયે ન પહોંચી શક્યા. પછી બધા પગથિયા પુનઃ વીજળીવેગે ઉતરી ગયા.

સફારી એક જગ્યાએ અટકી. ગાયો અહીં તહીં જોવા મળી. થોડા માણસો દેખાયા. જૂના-પૂરાણા બે ત્રણ મકાનો નજરે આવ્યા. ઉકરડા જેવી જગ્યા હતી. ભાંગલો તૂટલો બગીચો હતો. સ્હેજ દૂર નાનકડો કસબો દેખાયો. મન ભાંગી ગયું.

પણ બીજી તરફ નજર કરી. વિશાળ મયોર સરોવરનો કાંઠો દેખાયો. એના પર રાત્રિના પ્રથમ પહરીઓએ વાર કર્યો હતો. આમ છતાં એની સ્વસ્થતા દેખાતી હતી. આત્મા ત્યજીને દેહનું દાન કરીને કેટલાક છૂટાછવાયા વૃક્ષો પાણીનું ઋણ ચૂકવતા ઊભા હતા. મરીને પણ એમણે તળાવને સુંદરતા આપી. પાછળની પહાડી ક્યારની તળાવમાં ડૂબકી લગાવી ચૂકી હતી. હવે જાણે એનો છાયો બહાર ઊભો હતો.

અમે પુનઃ ઊટી તરફ વળ્યા. થાકેલો રસ્તો ઝોલે ચડ્યો હતો. નિરાંતથી ઊંઘવું હશે એને. વાહનોની લબૂક-ઝબૂક લાઈટ ક્યારેક આંખોમાં ઉતરી જતી તો ક્યારેક અંતરમાં. અને ત્યાં છેક અતલ અંતરના ઊંડાણે અમારા દિનભરની આંખોની ઉજાણી સ્થાયી થવાનો પ્રયાસ કરી રહી હતી.

''અમે'', ૩/A, ૧૯૨૯, નંદાલય હવેલી પાસે, સરદાર નગર, ભાવનગર ૩૬૪૦૦૨ મો. : ૯૪૨૬૨૨૩૫૨૨
ઈ-મેઇલ : harishmahuvakargmail.com

# વ્યવસાયિક ક્ષેત્રે સ્ત્રીઓની બેવડી ભૂમિકા-એક સંઘર્ષ

બલભદ્રસિંહ એન સોલંકી

**સારાંશઃ**

વ્યવસાય એટલે આર્થિક ઉપાર્જન માટે કરવી પડતી ક્રિયા. પ્રાચીનકાળમાં સ્ત્રીઓ ઘરે બેસી વ્યવસાય કરતી. પ્રવર્તમાનકાળમાં વધુ આર્થિક ઉપાર્જન કરી જીવનની ભૌતિક સુવિધાઓ પ્રાપ્ત કરવાના હેતુથી તથા સ્ત્રી શિક્ષણ, ઔદ્યોગિકરણ અને શહેરીકરણના કારણે વ્યવસાયિક સ્ત્રીઓની સંખ્યામાં વૃદ્ધિ થયેલી જોવા મળે છે. સમાજમાં વ્યકિતના દરજજાને આધારે તેની પાસે જે ફરજોની અપેક્ષા રાખવામાં આવે છે તે ફરજોને વ્યકિતની ભૂમિકા કહેવામાં આવે છે. સ્ત્રીઓને ઘરકામ, બાળઉછેર ઉપરાંત વ્યવસાય પણ કરવાનો. આ ખરેખર સ્ત્રીઓની બેવડી ભૂમિકા છે. જેથી સ્ત્રીઓને માનસિક તણાવ અને શારીરિક થાક લાગે છે. તેથી વ્યવસાયિક સ્ત્રીઓની બેવડી ભૂમિકા એ સંઘર્ષ નિર્માણ કરે છે. વ્યવસાયિક સ્ત્રીઓને તેમના પતિ તરફથી ઘરકામમાં મદદ મળે અને સ્ત્રીઓનું વ્યવસાય કરવાનું સ્થળ પોતાના રહેઠાણની નજીક અથવા પોતાના ઘરમાં જ હોય તો સ્ત્રીઓની બેવડી ભૂમિકાનો સંઘર્ષ થોડા અંશે ઓછો કરી શકાય.

**ચાવીરૂપ શબ્દોઃ સ્ત્રી શિક્ષણ, વ્યવસાયિક સ્ત્રી, સ્ત્રીઓની ભૂમિકા, બેવડી ભૂમિકા, ભૂમિકા સંઘર્ષ.**

### ૧. પ્રસ્તાવનાઃ

વ્યકિતથી કુટુંબ અને કુટુંબથી સમાજની રચના થાય છે. સમાજ વ્યવસ્થામાં કુટુંબ વ્યવસ્થા અને લગ્નસંસ્થા મહત્ત્વનો ભાગ ભજવે છે. ભારતીય સંસ્કૃતિમાં ઉત્કૃષ્ટ કુટુંબ વ્યવસ્થા અને સોળ સંસ્કાર આપનાર મનુઋષીને કૃતજ્ઞતાપૂર્વક નમસ્કાર કરવા જોઇએ. કારણ જેમણે પોતાના હાડકાનું ખાતર અને લોહીનું પાણી કરી વૈદિક સંસ્કૃતિ નિર્માણ કરી છે. લગ્ન સંસ્કાર દ્વારા કુટુંબરૂપી રથને બે પૈકી-એક પતિ અને બીજી પત્નિ સાપડે છે. લગ્નમાં અગ્નિદેવની સાક્ષીએ પતિ-પત્નિ વચન આપે છે કે, ધર્મ ચ અર્થચ કામેચ નાતિચરામિ, નાતિચરામિ, નાતિચરામિ' એટલે કે ધર્મ, અર્થ અને કામ (સંસારિક કાર્યો)માં અમે વિચલિત થઈશું નહિ અને સાથે રહીશું. પતિનું કતૃત્વ અને પત્નિનું સમર્પણ આ આદર્શ લગ્નજીવન માટે અપેક્ષિત છે. લગ્ન દ્વારા કુટુંબનું નિર્માણ થાય છે અને કુટુંબ સમાજને નવા સભ્યો આપે છે. કુટુંબ વ્યવસ્થામાં સ્ત્રી અને પુરૂષ એ તેના મુખ્ય ચાલકબળ છે. સમાજમાં સ્ત્રી અને પુરૂષ બંનેની જરૂરીયાત હોવા છતાં બંનેમાં કેટલીક અસમાનતા જોવા મળે છે. સમાજ રચનાને જો ટકાવવી હોય તો સ્ત્રી અને પુરૂષ બંને એ મળીને કાર્ય કરવું પડે છે.

### ૨. અભ્યાસના હેતુઓઃ

(૧) વ્યવસાયિક ક્ષેત્રે સ્ત્રીઓની બેવડી ભૂમિકા જાણવાનો હેતુ (૨) વ્યવસાયિક સ્ત્રીઓમાં સંઘર્ષની સ્થિતિ જાણવાનો હેતુ.

### ૩. અભ્યાસની પદ્ધતિઓ અને પ્રયુકિતઓઃ

પ્રસ્તુત સંશોધન અભ્યાસ સંબંધિત ગૌણ માહિતી ગ્રંથાલયમાંના પુસ્તકો, સંશોધનો, અભ્યાસ લેખો પરથી એકત્રિત કરવામાં આવી છે.

પ્રસ્તુત અભ્યાસ સંબંધિત પ્રાથમિક માહિતી નિરીક્ષણ અને મુલાકાત અનુસૂચિ દ્વારા એકત્રિત કરવામાં આવી છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વર્ણનાત્મક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે.

### ૪. વ્યવસાયિક ક્ષેત્રે સ્ત્રીઓની બેવડી ભૂમિકાઃ

ભારતીય ઇતિહાસમાં જોઇએ તો પ્રાચીન યુગમાં સ્ત્રીનું સ્થાન લગભગ પુરૂષ સમકક્ષ હતુ અને સ્ત્રી સમાજની ઉપયોગી સભ્ય ગણાતી, જયારે મધ્યયુગમાં સ્ત્રીનું સ્થાન ગૃહકાર્ય પૂરતું સીમિત બનેલ અને સ્ત્રીઓની ઘરબહારની આર્થિક પ્રવૃત્તિઓ ઉપર પણ પ્રતિબંધ હતો. તેથી જ તેને 'અંધકાર યુગ' ગણવામાં આવ્યો. ૨૦મી સદીનો પૂર્વાર્ધ ભારતે બ્રિટીશ શાસન હેઠળ પસાર કર્યો. જયારે ઉત્તરાર્ધ સ્વતંત્ર ભારત તરીકે પસાર કર્યો. ઇંગ્લેન્ડની ઔદ્યોગિક ક્રાંતિ પછી સમગ્ર વિશ્વમાં આર્થિક પરિવર્તનનું મોજું ફરી વળ્યું હતું. ભારત તેમાંથી બાકાત રહ્યું નથી. બ્રિટીશ શાસનકાળ દરમ્યાન જ આર્થિક પરિવર્તનની શરૂઆત થઇ હતી. ઔદ્યોગિકરણ અને વ્યવસાયિક પરિવર્તનની શરૂઆત બ્રિટીશ શાસન દરમ્યાન થઇ. સુધારણાવાદી ચળવળો એ ભારતીય સમાજમાં સામાજિક સુધારણાની શરૂઆત કરી. ગાંધીજી પ્રેરિત રાષ્ટ્રવાદી ચળવળમાં યુવાનો અને સ્ત્રીઓની સહભાગીદારીએ સામાજિક પરિવર્તનને સ્વીકૃતિ આપી.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ ભારતે કલ્યાણ રાજયનો અભિગમ (Welfare State Approach) સ્વીકાર્યો.

જેમાં શૈક્ષણિક, સામાજીક, આર્થિક, રાજકીય અને કાનૂની પ્રવાહોની અસર હેઠળ સ્ત્રીઓ ઘરબહારની પ્રવૃત્તિઓમાં જોડાવા લાગી. જેમાં આર્થિક પ્રવૃત્તિ મુખ્યત્વે છે. તેમજ વિશેષ કાયદાઓ દ્વારા સ્ત્રીઓ માટે સ્વતંત્રતા અને સમાનતા લક્ષી સામાજિક પરિવર્તન લાવવાનું કાર્ય કર્યું. રાજકીય, આર્થિક ઉદારમતવાદે સામાજિક જડતાઓને હળવી કરવાનું કામ કર્યું છે. વ્યકિતને મનગમતી પ્રવૃત્તિ કરવાની તક મળી છે. સામાજિક ગતિશીલતાએ વૈયક્તિક અને સામૂહિક સ્તરે કાર્ય અને કાર્યના સ્થળની પસંદગી, રહેઠાણની પસંદગી અને જીવનશૈલીની પસંદગીની તક પૂરી પાડી છે આ પ્રક્રિયાએ સ્ત્રી માટે પોતાના સમાજમાંથી બહારની દુનિયામાં જવાના દરવાજાઓ ખોલી આપ્યા છે.

૨૦મી સદીમાં આવેલા આર્થિક પરિવર્તને સ્ત્રીઓના સામાજિક દરજજામાં પરિવર્તન આણ્યું છે. તેનાથી કુટુંબ સંસ્થામાં પણ પરિવર્તન આવ્યું છે. કુટુંબની રચના અને કાર્યમાં પણ અસર જોવા મળે છે. કુટુંબના સભ્યોના દરજજાઓ અને ભૂમિકાઓ પર આર્થિક પરિવર્તનની અસરો વર્તાય છે. પરંપરાગત સામાજિક દરજજાઓમાં પરિવર્તન આવેલું જોવા મળે છે. સ્ત્રીઓ બેવડી ભૂમિકા ભજવતી થઇ છે. સ્ત્રી-શિક્ષણનો વ્યાપ વધતા ભારતીય સમાજના પરંપરાગત ખ્યાલોમાં આમુલ પરિવર્તન આવ્યું છે. જાતિગત અસમર્થતાઓ, જડધોરણો, પરંપરાઓ અને જૂના મૂલ્યોમાં પરિવર્તન આવ્યું છે. આમ, છતાં પુરૂષપ્રધાન સમાજમાં સ્ત્રી પર સ્થાપિત પુરૂષોની આધિપત્યની પરંપરાએ સ્ત્રી જીવનમાં વિભિન્ન સમસ્યાઓ પેદા કરવામાં મોટો ભાગ ભજવ્યો છે.

પ્રવર્તમાન સમયમાં સ્ત્રી શિક્ષણનો વધારો, ઔદ્યોગિકરણ, શહેરીકરણનો વિકાસ થતા નવા વ્યવસાયો ખૂલ્યાં છે. વ્યવસાય એટલે આજીવિકા કમાવવા કરવી પડતી ક્રિયા. વર્તમાનના મોઘવારીના સમયમાં કુટુંબની આવકમાં વધારો કરે તેવી ભૂમિકામાં જોડાય તેવી અપેક્ષાને કારણે સ્ત્રીઓ ઘર બહારની આર્થિક પ્રવૃત્તિઓમાં ભાગ લેતી થઇ છે. જેને કારણે સ્ત્રીની વ્યવસાયિક કે નોકરીયાત તરીકેની બીજી ભૂમિકા પણ વિકસી છે અને સાથે-સાથે સ્ત્રીની ગૃહિણી તરીકેની પરંપરાગત ભૂમિકા પણ બજાવવાની હોવાથી સ્ત્રી બેવડી ભૂમિકા ભજવતી હોય સ્ત્રી જીવનમાં એક સંઘર્ષ નિર્માણ થયેલો દેખાય છે. સમાજમાં વ્યક્તિના દરજજાને આધારે તેની પાસે જે ફરજોની અપેક્ષા રાખવામાં આવે છે તે ફરજોને વ્યકિતની ભૂમિકા કહેવાય. અહી સ્ત્રીની બેવડી ભૂમિકાનો ખ્યાલ સ્ત્રીની ગૃહિણી તેમજ વ્યવસાયિક ભૂમિકાના સંદર્ભમાં છે. વ્યવસાયિક સ્ત્રીઓની બેવડી ભૂમિકા ખરેખર એક સંઘર્ષ છે.

ભારતમાં સ્ત્રીની ગૃહિણી તરીકેની જવાબદારીમાં ઘરકામ જેમાં સ્વચ્છતા, રસોઇ, બાળઉછેર, ઘરના બધા જ સભ્યોને સાચવવાની જવાબદારી તેમજ વ્યવહારમાં સંબંધ સાચવવાની જવાબદારીઓ છે તેમાં નોકરી કરતી સ્ત્રીઓએ નોકરીના સ્થળે પહોંચવા મુસાફરી કરવાની અને કર્મચારી તરીકેની ભૂમિકાઓનો બોજો વહેવો પડે છે આજે ઘણી સ્ત્રીઓ નોકરી કરવા મુસાફરીનું લાંબુ અંતર કાપી જતી હોય છે. તેવી સ્ત્રીઓ સવારે વહેલા ઉઠી ઘરનું કામ પતાવી બસ કે ટ્રેન પકડીને પોતાના નોકરીના સ્થળે પહોંચે છે અને સાંજે મોડા ઘરે પરત ફરે છે આવી સ્ત્રીઓને મુસાફરીનો શારીરિક થાક, ઓફીસમાં કરેલ કામનો માનસિક થાક અને ઘરે પહોંચી પાછી ઘરની બધીજ જવાબદારીઓ અદા કરવાની હોય ખરેખર આવી વ્યવસાયિક સ્ત્રીઓનું જીવન બેવડી ભૂમિકાથી એક સંઘર્ષ બની ગયું છે. પરિણામે સ્ત્રીઓની ભૂમિકા સંઘર્ષની પરિસ્થિતિમાં મુકાય છે જેની વિપરીત અસર સ્ત્રીના શારિરીક, માનસિક આરોગ્ય પર, દામ્પત્યજીવન પર, કુટુંબ પર તથા આખા સમાજ પર થતી હોય છે.

પ્રવર્તમાન સમયમાં સરકારી નોકરીઓમાં ૩૩% સ્ત્રીઓ માટે અનામત રાખેલ છે. બસ કંડકટર તરીકે સ્ત્રી અને પોલીસની નોકરીમાં રહેલ સ્ત્રીના જીવનમાં સંઘર્ષ વધુ જોવા મળે છે કારણ બસ કંડકટર તરીકે કામ કરનાર સ્ત્રીને જયારે બસ બગડે અથવા બસના ટાયરમાં પંચર થાય તેવા સંજોગોમાં અને રાત્રીના સમયમાં ઘરે બાળકો રાહ જોતાં હોય ત્યારે સ્ત્રી ખૂબ સંઘર્ષ અનુભવે છે પોલીસની ડયુટી ૨૪ કલાકની હોય તથા તહેવારોમાં પણ પોલીસને રજા ન હોય, પણ ફરજીયાત ડયુટી કરવાની હોય ત્યારે સ્ત્રી તરીકે તહેવારોમાં તો ઘરમાં ખૂબજ કામ હોય, સગા-સંબંધીઓ ઘરે આવવાના હોય તથા કુટુંબ સાથે સ્ત્રીએ પણ સગા-સંબંધીઓના ઘરે જવાનું હોય ત્યારે સ્ત્રીના જીવનમાં સંઘર્ષ નિર્માણ થાય છે. ચોર-ગુનેગારોને પકડવાના હોય શારીરિક અને માનસિક થાક પોલીસની ડયુટીમાં સ્ત્રીઓ વધુ અનુભવે છે.

શારીરિક રીતે પુરૂષની સરખામણીમાં સ્ત્રી કોમળ અને ઓછી શકિતશાળી છે સ્ત્રીને માસીક આવે છે આ સમય સ્ત્રી માટે શારીરિક નબળાઈનો સમય હોય છે. આ સમયમાં સ્ત્રીને સંપૂર્ણ આરામની જરૂરી હોય છે. વ્યવસાયિક સ્ત્રીને

નોકરીના સ્થળે આરામ ન મળે અને તેની અસર સ્ત્રીના શરીર અને મન પર થાય છે. ત્યારે બેવડી ભૂમિકાથી વ્યવસાવિક સ્ત્રીના જીવનમાં સંઘર્ષ ઉદભવે છે. વ્યવસાય કરતી સ્ત્રી જયારે માતૃત્વ ધારણ કરે છે. અને તે પહેલા જયારે સ્ત્રી ગર્ભવતી થાય છે ત્યારથી તેને ખૂબ તકલીફો પડે છે. સરકારી નોકરીમાં કાયદેસર ૬ માસની રજાઓ માતૃત્વ ધારણ કરનાર સ્ત્રીને મળે છે, પરંતુ ખાનગી નોકરીઓમાં આવી જોગવાઈ નથી તેથી વ્યવસાયિક સ્ત્રીઓને બાળઉછેરમાં ખૂબ તકલીફ પડે છે અને નાના બાળકને માતા તરીકે જે સમય આપવો જોઈએ તે આપી શકતી નથી. બાળક નાનું હોય ત્યારે તેને માંના દૂધથી જ સંપૂર્ણ પોષણ મળતું હોય છે. નોકરી કરતી સ્ત્રીઓને પોતાના નાના બાળકને દૂધ પીવડાવવાના નોકરીના સ્થળેથી ઘરે જવું પડે છે અથવા નાના બાળકને તેના દાદી કે અન્ય સંબંધી સાથે નોકરીના સ્થળે માંનુ દૂધ પીવડાવવા લાવવામાં આવે છે ત્યારબાદ જયારે બાળક થોડું મોટું થઇ સમજણું થાય છે ત્યારે તે નોકરી પર ગયેલ પોતાની માંને સતત યાદ કરતું હોય છે. અને ઘણીવાર રડતું પણ હોય છે આ વાત તે નોકરી (વ્યવસાય) કરતી સ્ત્રીને ખબર હોય છે. આ વાતથી વ્યવસાયિક સ્ત્રી માનસિક તણાવ અનુભવે છે અને જીવનમાં સંઘર્ષની સતત અનુભૂતી થયા કરે છે.

**૫. તારણોનું રૂપ સારાંશઃ**

નોકરી કે વ્યવસાય કરતી સ્ત્રીને તેના પતિ તરફથી ઘરકામમાં મદદ મળી રહે અને સ્ત્રીનું વ્યવસાય કરવાનું સ્થળ ઘરથી નજીક હોય અથવા સ્ત્રી પોતાના ઘરમાં જ વ્યવસાય કરે જેમ કે સીવણકામ, ટ્યુશન કલાસ, ભરત-ગુંથણ, ટીફીન સેવા વગેરે તો સ્ત્રી કુટુંબમાં આર્થિક રીતે મદદરૂપ તો થઇ શકે સાથે-સાથે સ્ત્રીની બેવડી ભૂમિકાનો સંઘર્ષ થોડા અંશે ઓછો કરી શકાય.

**૬. સંદર્ભસૂચિઃ**


૧. Role conflict in working women by Kalar Rani-1976
૨. Women in India- Country paper-1985
૩. Femails Role by Venkatruyappa-1986
૪. સ્ત્રીઓ અને સમાજ એ.જી.શાહ, જે.કે.દવે, અનડા પ્રકાશન, અમદાવાદ
૫. The Encyclopaedia of Women's studies by Giriraj Shah-1995.



(એમ.એ., પી.એચડી. (સ્કોલર))


**।। વિદ્યાવૃત્ત ।।**

## આઈ. બી. પટેલ ઈંગ્લીશ સ્કૂલનો એનસીએસસી હરીફાઈમાં ઉત્કૃષ્ટ દેખાવ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ. બી. પટેલ ઈંગ્લીશ સ્કૂલની ચાર ટીમોએ નેશનલ ચીલ્ડ્રન સાયન્સ કોંગ્રેસમાં વિવિધ વિભાગોમાં પોતાનો તૈયાર કરેલ પ્રોજેક્ટ જીલ્લા કક્ષાએ રજૂ કર્યો હતો. શાળાની ચાર પૈકી ત્રણ ટીમનો ઉત્કૃષ્ટ દેખાવ રહ્યો હતો. તેઓ હવે પછી પોતાનો પ્રજેક્ટ રાજ્ય કક્ષાએ રજૂ કરનાર છે. આ પ્રોજેક્ટમાં શાળાના સુપરવાઈઝર શ્રી ભાસ્કરભાઈ એ પટેલ, વિજ્ઞાન શિક્ષકો શ્રીમતી રેખાબેન સાધુ તથા શ્રીમતી ભાવનાબેન દલવાડીએ સાથે મળી માર્ગદર્શન આપ્યું હતું. શાળાના આચાર્ય શ્રી ડૉ. મહેશભાઈ ખ્રિસ્તીએ વિદ્યાર્થીઓ તથા માર્ગદર્શકોને અભિનંદન પાઠવ્યા હતા.

## એરીબાસ અને આઈસ્ટાર કોલેજમાં ઉદ્યોગ સાહસિક જાગૃતિ કેમ્પનું આયોજન કરાયું

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ન્યુ વિદ્યાનગરમાં અશોક એન્ડ રીટા પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈંટિગ્રેટેડ સ્ટડીસ એન્ડ રિસર્ચ ઈન બાયોટેક્નોલોજી એન્ડ એલાઈડ સાયન્સ (એરીબાસ) અને વલ્લભ વિદ્યાનગરમાં આવેલી ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી ફોર એડવાન્સ સ્ટડીસ એન્ડ રિસર્ચ (આઈસ્ટાર) કોલેજનાં સંયુક્ત ઉપક્રમે ઉદ્યોગ સાહસિક જાગૃતિ કેમ્પનું આયોજન ભારત સરકારના ડિપાર્ટમેંટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી તેમજ ઉદ્યોગ સાહસિક વિકાસ સંસ્થાના નેજા હેઠળ રાષ્ટ્રીય વિજ્ઞાન અને તકનીકી ઉદ્યમ વિકાસ મંડળના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો મુખ્ય આશય એ હતો કે સાયન્સ એન્ડ ટેક્નોલોજી ક્ષેત્રે જોડાયેલા વિદ્યાર્થીઓ ઉદ્યોગ સાહસિક બને અને તે માટેની જાગૃતિ આવે અને ઉદ્યોગસાહસિક બનીને નવી નવી રોજગારી ઊભી કરે તે અંગેનો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ ડૉ. એસ. જી પટેલ (માનદ્ મંત્રી સી. વી. એમ), શ્રી મનીષભાઈ એસ. પટેલ (વાઇસ પ્રેસિડેંટ, સી.વી.એમ) એરિબાસ સંસ્થાના ઇન-ચાર્જ હેડ અને કન્વીનર ડો. ભક્તિ બાજપાઈ અને કો-ઓર્ડિનેટર ડો. અરુણાભ મિશ્રા અને ડો.રીતુ દીક્ષિત દ્વારા કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો અને સર્વે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ આપી પ્રોત્સાહીત કર્યા હતા.

।। સાભાર સ્વીકાર ।।

## ‘ડમરી’(વાર્તા સંગ્રહ)

આ સંગ્રમાં ૧૬ વાર્તાઓ છે. ડમરીમાં જે રીતે પૂર્વ પ્રેમીને મળવા જતાં પતિ પણ સહકાર આપે છે. અને તે પ્રેમીની કંપની જ ડમી નીકળે તે વેળાએ પ્રકૃતિમાં ડમરી ચડે છે તેને વણી લીધું છે. મોટા ભાગની વાર્તાઓ પ્રકૃતિનાં તત્ત્વો સાથે માનવ ઘટનાનો સુંદર સમન્વય કર્યો છે.

લેખિકાની આ વાર્તાનાં શીર્ષક જોઈએ તો....ડમરી, પાન લીલું પીળું, બાહુબલી, મુખાગ્ની, રામકી, લેન્સ, ચતુર્ભૂજ અને પાડ્યું બધી વાર્તાઓમાં તાજગી છે. ગ્રામ્ય જીવનનો પણ લેખિકાને બહોળો અનુભવ લાગે છે. તેમની કેટલીક વાર્તાઓ ગ્રામ્યજીવનને ઝીણવટથી જીવ્યા હોય એ જ રજૂ કરી શકે તેવી બની છે. જ્યારે કેટલીક વાર્તાઓમાં ચમત્કૃતિ પણ સરસ છે. સમાજમાં જે અંતર પ્રવાહો અને બાહ્ય પ્રવાહો ચાલતા હોય તેનાં વર્ણન પણ આબાદ રીતે કર્યાં છે.

માનવજીવનના બધા પ્રકારના સંબંધો વાર્તાઓમાં પ્રગટ થયા છે. પતિ-પત્ની, મા-બાપ, ભાઈ-બહેન, દિયર-ભોજાઈ, ભાઈ-ભાભી, બહેન-બહેનની કેટલા ઊંડાણથી આ સંબંધોની ગહેરાઈ પ્રગટ કરી છે.

ડૉ. મોતીભાઈ પટેલ
તંત્રીશ્રી ‘સમણુ’ પ્રતિભાવના સંકલિત અંશો.

।। વિદ્યાવૃત્ત ।।

### નલિની કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા વિશ્વ અહિંસા દિવસ નિમિત્તે રેલી યોજાઇ

વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ કોલેજના એન.એસ.એસ. વિભાગના ઉપક્રમે કોલેજના આચાર્ય ડો.એમ.જી.મન્સૂરીની પ્રેરણાથી એક અહિંસા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીનું પ્રસ્થાન નલિની કોલેજના પ્રટાંગણથી કરી શાસ્ત્રી મેદાન સ્થિત ગાંધીજીની પ્રતિમાને હારતોરા કરવા ગયેલ જ્યાં ચારુતાર વિદ્યામંડળના ચેરમેન શ્રીભીખુભાઈ પટેલે, માનદ્ મંત્રી ડો. એસ.જી.પટેલ સાહેબે અને એસ.પી. યુનિવર્સિટીના કુલપતિ શ્રીડો. શિરીષ કુલકર્ણીએ સંબોધન કર્યું હતું. ત્યાંથી લાલબહાદુર શાસ્ત્રીજીની પ્રતિમાને પુષ્પ અર્પણ કરી કોલેજ પર પરત ફરી હતી. આ રેલીમાં એન.એસ.એસ.ના સ્વયં સેવકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. રેલીના આયોજનમાં એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો.નિરુબેન પટેલ, મહેશભાઇ પટેલ, પ્રિયંકાબેન ચૌહાણ અને ઓફિસ સુપરિટેન્ડન્ટ પ્રવીણભાઈ વાલેરાએ જહેમત ઉઠાવી હતી.

।। વિદ્યાવૃત્ત ।।

### સીવીએમ સંચાલિત સેરલિપ સંસ્થા દ્વારા આંતર કોલેજ વકતૃત્ત્વ સ્પર્ધાનું સફળ આયોજન

ચારુતર વિદ્યામંડળ(સીવીએમ) સંચાલિત ‘સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓન લાઈફ એન્ડ વકર્સ ઓફ સરદાર વલ્લભભાઈ પટેલ (સેરલિપ)’ સંસ્થા દ્વારા સરદાર પટેલ જ્ઞાનવર્ધક કસોટી ૨૦૧૯ના ભાગરૂપે ભારતના પ્રથમ ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને કાર્યો ઉપર મંડળ સંચાલિત નલિની અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કોલેજના સભાગૃહમાં તા.૧૨ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે નલિની સંસ્થાના આચાર્ય ડૉ.એમ.જી.મન્સુરીના પ્રમુખપદે આંતર કોલેજ વકતૃત્ત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સરદાર પટેલના જીવન અને કાર્યો ઉપર યોજાયેલ આંતર કોલેજ વક્તૃત્ત્વ સ્પર્ધામાં સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોમાંથી બહોળી સંખ્યામાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં આઈસ્ટાર કોલેજના દર્શ જે.પટેલ અને ઈલસાસ કોલેજની વિદ્યાર્થીની હર્ષિકા સિસોદિયાને સંયુકત રીતે પ્રથમ નંબર, ઈલસાસ કોલેજની ઈશિકા વાળંદ બીજા નંબર અને આઈસ્ટાર કોલેજના યશ એમ.રાઈચાએ ત્રીજો નંબર મેળવ્યો હતો. સેરલિપ સંસ્થાના કા.નિયામિકા ડૉ.અર્ચના બંસોડે મહેમાનોનો પરિચય કરાવ્યો હતો અને કાર્યક્રમની રૂપરેખા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નલિની કોલેજના અધ્યાપિકા ફાલ્ગુનીબેને કર્યું હતું અને પ્રોફેસર ડૉ.નિલેશ બારોટે આભારદર્શન કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે ડૉ.બી.એમ પરમાર તથા સેરલિપ સંસ્થાની પી એચ ડી સ્કોલર કુ. જાસ્મીના સોલંકી, શ્રી ભાવેશભાઈ પટેલ, કુ.વિન્સીબેન પરમાર અને શ્રી અંતોનભાઈ ચૌહાણે કાર્યક્રમને સફળ બનાવવા માટેની જહેમત ઉઠાવી હતી.

## શરત

**પન્ના ત્રિવેદી**

ગલીમાં પેઠી કે એક વાંકી સ્ટ્રીટ લાઈટનું અજવાળું જ્યાં પડતું હતું ત્યાં જ નજર પડી- 'સેતુ' એ/૧૦. સંગીત વિશારદ, મોહિની આચાર્ય.

પગ એ જ ઘર ભણી વળી ગયાં. અંદરથી ફફડાટ હતો-કોઈ જોઈ જશે કે ઓળખી જશે તો?

-તો? તો શું? અજાણ્યા શહેરની આવી સાંકડી ગલીઓમાં આવતાં-જતાં લોકોની વળી કોને પડી હોય? આવાં ડાફોળિયાં મારવા નવરુંય કોણ છે! ને ધારો કે કોઈ ઓળખી લઈ ખબર પહોંચાડી દે તોય શું!

....ધારો કે નામ સાંભળીને એ જ અંદર પેસવા ન દે તો? જતાં રહેવું પડે પાછું હોસ્ટેલમાં, તેય આટલી રાતે. ને ત્યાં સામે ઘૂરકતી ઊભી હશે હોસ્ટેલની લેડી હિટલર. વાઘણ ગેટ ખોલે જ નહીં તો? ક્યાં જઈશ? ઉફ્ફ્ફ.....થ્રિલર..!

પણ લાકડાની કોતરણીવાળું બારણું જોતાવેંત જ આંખો એટલી અધીર બની ગઈ કે બધાં જ વિચારો ગાયબ! આંગળીઓ એકધારી ડોરબેલ દબાવતી રહી. બારણું ખૂલ્યું. સામે, લઘરવઘર કપડાંમાં એક સ્ત્રી ઊભી હતી. મોટ્ટી આંખો અને ચઢેલાં ભવાં આ...આ....જ હશે? ચહેરો જોતાંવેંત એક જ ઝાટકે બધી અધીરાઈ ખરી પડીઃ મોહના.... બેન લગાડવાનું ઝટ સૂઝ્યું જ નહીં. પૂરું બોલી રહું તે પહેલાં જ સપાટ ચહેરાએ અંદર લીધી. બીજી જ પળે સિલ્કની સાડીવાળી એક જાજરમાન સ્ત્રી બહાર આવી મોટી બિંદી, આંખને ખૂણે બહાર કાઢેલું કાજળ, આછાં ગુલાબી હોઠ, નાકે ઝગારા મારતો હીરો, ઊંચી કદકાઠી.....

ઊભા ઊભા જ તેમને વળગી પડી હું તો તો આ જ મારા મોહિનીફોઈ? તરત મા બોલતી'તી તે શબ્દ પણ પાછળ-પાછળ દોડી આવ્યો-ક મ જા ત. પણ આ સ્ત્રી અત્યારે આટલી સુંદર છે તો 'ત્યારે' તો કેવી ગજબ હશે!

અને એકાએક વચ્ચેનો 'તમારી' શબ્દ ગળી જઈને મેં કહ્યું : 'હું ઋત્વી.'

જાણે ભરોસો જ ના બેસતો હોય તેમ મને પગથી માથા લગી જોઈ રહ્યા અને બીજી જ પળે વ્હાલની એક ભીંસ, એક લાંબી ચૂપ્પી અને થોડાંક ડૂસકાં... કેટકેટલી ક્ષણો હશે એ ભીનાશમાં અત્યારે? દાદાની લાલઘુમ આંખોમાં કુળનું નામ બોળ્યાનો આક્રોશ... પપ્પા અને કાકાએ બારણાં ભણી ચીંધેલી આંગળીઓ..... મમ્મી અને કાકીનો જાકારો-તિરસ્કાર....! સાત-આઠ વર્ષની હોઈશ કદાચ ત્યારે. ઊંચા-ઊંચા અવાજોથી બીકની મારી હું તો ફૂલોવાળા પડદા પાછળ ભરાઈ ગયેલી. ભયાનક ગુસ્સા વચ્ચેય નજર ઊંચકીને હકારની આશાએ ચહેરાઓ તાકતી ઊભેલી ફોઈ : 'ગમે છે તે મને. લગ્ન તો તેની સાથે જ. કોઈ પણ કાળે. તેણે કહ્યું નાસી જઈએ... પણ હું માનું છું એમ ભાગવાનું શેનું? છાનુંછપનું કશુંય નહીં. ને તમને પણ એમ ન થાય કે પેટની જણીએ જ ધૂળ નાંખી તમારી આંખમાં. એટલે કહીને જાઉં છું.' ઓરડો કંપાવતી લાંબી ચૂપ્પી. 'મા જેવી માની આ આંતરડી કકળાવી છે તેં. જા, વાંઝણી મરીશ,....' અભિશાપનો વરસાદ ને પછી ગાળો-ધમકી-અપમાન અને એક જોરદાર તમાચો.... પણ ફોઈ તો નીકળી પડેલાં પાછું જોયા વિના. છેલ્લીવાર જોયેલું ત્યારે તેમનું મોં. કહ્યા-કર્યાનો કશો જ પસ્તાવો નહીં. મક્કમ ચાલે સડસડાટ પગથિયાં ઊતરી પડેલાં.

એક ફોઈ જ તો હતી જે મને નવી-નવી હેરસ્ટાઈલ ઓળી દેતી'તી ને સ્કૂલમાં મારો વટ્ટ પડાવતી'તી. પતંગિયા-બિલાડી-ખિસકોલી-ફૂલો.. જાતજાતની ભાતભાતની નાની-નાની પિનો નાંખી દેતી'તી. પોચા પોચા પફથી ટેલ્કમ પાવડર છાંટી દેતી'તી. ઘર તો ન્હાઈ ચૂક્યું'તું તેમના નામે. મને શું ખબર આવું 'ન્હાઈ નાંખવુ' એટલે શું? સવાર પડે ને હું પૂછતી ફોઈ ક્યારે આવશે? ક્યાં ગયા છે? ત્યારેય મોહિની ફોઈને બદલે સાંભળેલું ક મ જા ત. ને પછી તો એના વિશે બીજીવાર કશું જ નહીં પૂછવાનું કડક ફરમાન. ધાકધમકી-ઊગામાયેલો હાથ અને ફરી એ જ ચૂપ્પી.

એ સ્ત્રીનું નામ પણ ઝાખું થવા લાગ્યું. મને તો ક્યારેય સમજાયું જ નહીં કે આટલાં લાડ લડાવનારી ફોઈના લગ્ન થાય તેમાં વળી તેની જાત-કમ કેમની થઈ જાય? પણ આ 'કમજાત' શબ્દમાં કશુંક તો એવું હતું જે મારી સમજ બહાર હતું. એક દિવસ ભરબપોરે તેમનો પોસ્ટકાર્ડ

આવેલો - માફી, કાકલૂદી... કશું જ નહોતું. બસ, શહેરનું નામ-ઠામ થોડી વિગતો અને કોઈ પણ કામકાજ હોય તો... પણ બીજી જ સેકન્ડે તે 'ક મ જા ત'નું કાર્ડ કટેકટકાં થઈને નંખાઈ ગયેલું કચરાટોપલીમાં! કોઈ જોઈ ના જાય તેમ હું તો છાનીમાની ઊઠાવીને લઇ આવેલી. બધાં જ ટુકડાઓ ભેગાં કરીને પંપાળતી રહી. જાણે ફોઈને છાની રાખતી હોય એમ.

જે શહેરનાં નામની સખ્ખત મનાઈ હતી ત્યાં જ મેડિકલમાં એડમિશન મળ્યું. ઘરનાંએ તો કેન્સલ કરાવવા બહુએય ધમપછાડા કર્યા પણ શું થાય? તેમનાં હવાતિયાં પર હું તો અંદરખાને હસતી હતી. હંમેશની જેમ જ કાકી ચિડાઈને બોલેલી : 'મૂઈ! બરાબરની ફોઈ ઉપર જ પડી છે નફફટ!... ખબરદાર જો ત્યાં.......' અને કાકીની મોટ્ટી આંખો એટલી મોટ્ટી થઇ ગયેલી કે મેં તો તરત નજર ખસેડી લીધેલી.

મેં ફોઈના ઘરમાં નજર ફેરવી જોઈ - માનો શાપ સાચો પડી ગયો હશે? ક્યાંય કોઈ બેબી-બાબાનો ફોટો નહોતો. આદમકદના ફોટામાં મોહિનીફોઈ સિતાર વગાડતી ટીંગાતી હતી ભીંતે. તેમની એક-એક મુદ્રામાં સિતાર રણકતી હતી - પણ ફુઆ?

તે રાત્રે જ હું પૂછી બેઠી. ફોઈની આંખો કંઇક અજીબ લાગી. બોલી : 'પગથિયાં ઊતરી પડેલી એ ઘરનાં. સ્ટેશને ક્યાંય સુધી રાહ જોઈ પેલાંની. પકડાઈ જવાની સહેજ પણ બીક નહોતી કે કોઈ વ્હાલની દુહાઈ આપી-આપીને બહેલાવી-ફોસલાવીને ઘેર પણ નહોતું ખેંચી જવાનું મને.....' બોલ્યા પછી ફોઈ ફિક્કું હસી અને બારીબહાર તાકી રહી : 'વરસાદના તે દિવસો. ધોધમાર વરસાદ અને ઝાંખા-ઝાંખા અજવાળા વચ્ચે સ્ટેશન પર પ્રેમીની રાહ જોતી ઊભેલી હું....' વેઈટિંગ રૂમમાંય બેઠી પણ જીવ ઉચાટમાં ઓળખવામાં થાપ ખાઈ ગઈ કે શું! પણ તે આવ્યો બિસ્તરાં સાથે. - હાશ! ટ્રેન આવતી દેખાઈ અને શહેર છૂટતું દેખાયું. તે શહેરનો તે મારો છેલ્લો વરસાદ. કોઈ કોઈ વરસાદ એવો હોય છે કે વર્ષો પછીય ભીનાશ ન સૂકાય. એક અજાણ્યા સ્ટેશન પર જાણીતા માણસ સાથે ઊતરી પડેલી હું. પણ જેવી કોઈ હોટલના રૂમની તપાસ થવા માંડી ત્યારે એકાએક અજાણ્યો બની ગયો તે. એ કહેઃ 'તારા સ્વીકાર માટે ઘરનાં હજી રાજી નથી. થોડાં દિવસ હોટલમાં ક્યાંક.... જાતે જ થાળે પડશે બધું.'

ફોઈના ગળામાં ત્યારનો વરસાદ અત્યારે જાણે બરફ બની થીજી ગયો. માંડમાંડ બોલ્યા : 'જમીન ખસી ગયેલી પગ તળેથી. પહેલાં તો તેણે બધાં રાજી છે એમ કહેલું! માથું ભમી ગયું. ના, ખોટી વાત જ નહીં. છાનુંછપનું કશુંય નહીં. હિંમત નહોતી તો પછી શું કામ...? અને પગ એ જ ઘડીએ પાછાં વળી ગયાં. આવી એ ટ્રેનમાં ચઢી ગઈ. પછી ઊતરી જ નહીં તે શહેરના સ્ટેશને ક્યારેય!'

-તો આ મારા મોહિનીફોઈ? ગુમાનથી ભરાઈ ગઈ હું તો.

નવા શહેરમાં નવી પાંખો ફૂટી હતી મને. વિકએન્ડ પર ધામાં નાંખવા લાગી-'સેતુ' એ/૧૦

કોલેજ-કલાસિસ-પ્રેક્ટિકલ-પરીક્ષાઓ વચ્ચે ક્યારેક ફોઈ સાથે સંગીતસંધ્યાઓનાં સેરસપાટા થઇ જતાં. સંગીતમાં ફોઈનું નામ હતું અને પુરુષ આંખોમાં હજીય અકબંધ હતો મોહિનીનો મોહ! પણ ફોઈ તો મિ.બક્ષી સિવાય ભાગ્યે જ કોઈની પાસે ખુલતી. સિતાર વગાડતી ફોઈ ગાય ત્યારે ગળામાં મધની મીઠાશ નીતરતી હતી. સંગીતથી પીગળતી સંધ્યાઓમાં તૂટી ગયેલી, વિખેરાઈ ગયેલી અસંખ્ય જાતને જોડાતી જોઇને હું છક થઇ જતી. ક્યાં ઓ.ટી.માં તૂટી ગયેલાં હાથ-પગ-ધડ જોડવાનાં ને ક્યાં હઝ્ઝારો હૃદયો જોડતી કળાની આ અદ્દભૂત દુનિયા...!

-તો ફોઈ આટલાં નામાંકિત હતા? તેમની સાથે બે ડગલાં ચાલતાંય મારી ચાલમાં એક જાતની મગરૂબી આવી જતી. જોકે સ્ત્રીઓનાં ટોળામાંથી ક્યારેક એમના વિશે ગંદી ટીખળ સાંભળી ત્યારે હચમચી ગયેલી. રહી રહીને માનો પેલો શબ્દ ઘસડાઈ આવતો - ક મ જા ત.... તે એકવાર આડકતરી રીતે વાત ખોલી જોઈ.

સવાલથી ફોઈ ભોંય જોતી હસવા લાગી. હું મોં તાકી રહી આમાં હસવાની વાત શું છે? પણ ફોઈ તો મને એક ખૂણે ટોળે વળેલી કાળી કીડીઓ વચ્ચે ઘેરાઈ ગયેલી એક લાલ કીડી દેખાડીને કહે : જો, આ કીડી બીજી બધી કાળી કીડીઓ માટે 'કમજાત' છે કેમકે તેનો રંગ લાલ છે. કેમકે આ કીડી પેલી કાળી કીડીઓ જેવી નથી. પણ તેમાં તેનો શું દોષ? જોને, આ કાળી કીડીઓની જમાતે પોતાની જાતને ભગવાનની 'ભોળી કીડી'નું પ્રમાણપત્ર આપી લાલ કીડીને 'લુચ્ચી' ઠરાવી દીધી છે. જાત તો છેવટે કીડીની ! તોય...'

તો આ મારા ફોઈ!

એક સાંજે વળી મેડિકલ કોલેજે સંગીતસંધ્યા ગોઠવી. ફોઈ ચીફગેસ્ટ હતાં. બહેનપણીઓ વચ્ચે રોફથી કહેલું મેં: ''આ મારી ફોઈ.'' તે બધાં વચ્ચે ચિત્રાડીએ કોણી મારીને કહેલું : 'કેમ'લી, તું તો કહેતી'તી ને, કે તારે કોઈ ફોઈ જ નથી! તો આ રાતોરાત ક્યાંથી ટપકી ગઈ?' ચિબાવલીએ મારા એક એક શબ્દો યાદ રાખેલાં. મારે કોઈ ફોઈ નથી એવું તો મેં માની બીકે જાહેર કરેલું. તે તરત સુધારી લઈને રોકડું પરખાવેલું : 'તારા કાન વાગતા હશે. વાસણ હોય તો ખખડેય ખરા. રિસાઈ ગયેલી તે પાછી આવી ગઈ હવે. તને શાનું આટલું દુઃખે છે પેટમાં? જલન કી બૂ!'

જોકે કહેવું પડે, મિ.બક્ષી થરો જેન્ટલમેન! એક જ દોસ્ત હોય આવો તો બાકી દુનિયા જખ મારે. કાર્યક્રમોમાં ફોઈ મિ.બક્ષી સાથે નીકળતી ત્યારે લોકો બળી મરતાં. તે બંનેની વાતોય કેવી અજબ? ફૂલો ખિલવાની-તારા ખરવાની-વરસાદ પડવાની-માણસ સડવાની-માણસાઈ મરવાની... કોણજાણે શુંની શુંય વાતો. ફોઈ ગયેલાં તેમની ઘેર બે-એક વાર. બીજીવાર ગયેલાં ત્યારે બક્ષીના પત્ની કશીક નોટ તૈયાર કરતાં હતાં. ગણિતના અધ્યાપિકા હતાં. કેલ્ક્યુલેટરમાં માથું ખૂંપેલું. કળા-ફળામાં ઝાઝી ગતાગમ નહીં કે 'કંટાળો આપે' તેવી આર્ટ્સમાં ઝાઝો રસ પણ નહીં. ચા-પાણી-નાસ્તો પત્યા કે તરત : એક્સક્યુઝ મી પ્લીઝ... યુ એન્જોય યોર ટોપિક પ્લીઝ..'

હજી થોડા દિવસ પહેલાં જ મિ. બક્ષીનો ફોન. ધીમો - દબાયેલો અવાજ.

-ક્યાંથી?

-ઘેરથી. પણ... નીચે તે છે એટલે... થોડું અનકમ્ફર્ટેબલ.. છેવટે તો તે પત્ની જ ને?....

-ના. જે વાત હોય તે તેમની હાજરીમાં જ. છાનુંછપનું કશુંય નહીં. ને આપણી વચ્ચે ક્યાં વળી એવું-તેવું કશુંય...

તે દિવસે વળી ફોઈની વાત દિમાગમાં ચોંટી ગઈ - 'છાનુંછપનું કશુંય નહીં' તો મેં તો એ જ રાત્રે હિંમતથી માના કાનમાં સાચ્ચે સાચ્ચું ફૂંકી માર્યું : 'ફોઈને મળું છું. 'સેતુ' એ/૧૦. વિકએન્ડમાં જતી રહું છું....' ત્યાં જ પાછળથી કાકી બરાડતી હતી : 'જીભડી કમજાતની મળી છે વારસામાં તે....! આ જ તો બીક હતી મને. લો, ભોગવો હવે!'

તે સાંજે ફોનમાં ફોઈએ કહેલું કે મિ.બક્ષીને ત્યાં છોકરાના મુંડન પ્રસંગે જવાનું છે. ખાસ્સો આગ્રહ છે. 'આવડા મોટા ઢગાનું મુંડન?' હું તો ખડખડાટ હસી. સફેદ એપ્રોન પહેરીને કંટાળી ગયેલી તે મસ્ત ઠઠારો કરીને ગઈ.

સજાવેલાં ઘરમાં બક્ષી દંપતી મહેમાનોને હસતાં મોંએ આવકારતાં હતાં. ફોઈ દરવાજે પહોંચી કે બક્ષીની પત્નીનાં મોં પરથી રંગ ઉડી ગયો. જાણે ગુલાબોની વચ્ચે કોઈ ધતૂરાનું ફૂલ આવી ગયું હોય તેમ એ કમને હસ્યા. મલકતાં મોંએ ફોઈ અંદર ગઈ. જનોઈ પહેરેલાં છોકરાને માથેથી લૂણ ઊતરતી હતી. ખૂણે, ઠઠારા કરીને બેઠેલાં ટોળામાં 'હાય-હાય-ઓહો-ઓઓ લે-એમ?'..... વાતોએ બરાબર રંગ પકડેલો. તીણા અવાજે બોલાયેલાં શબ્દોની શૂળથી ફોઈનાં કાન વીંધાઈ ગયાં 'બક્ષીસાહેબની પેલી આ જ કે...?'

બક્ષીની પત્ની આગમાં ઘી રેડતી મોટેથી બોલી: 'જુઓને, મેં તો ચોખ્ખીચટ્ટ ના જ પાડેલી બક્ષીને, પ્રસંગટાણે ગંદવાડ જોઈએ જ નહીં ઘરમાં. પણ થયું, બક્ષીનું ચિત્ત નહીં ચોંટે પ્રસંગમાં. ગમે તેમ ભાઈ પત્ની છું! ઓછું શેનું આવવા દઉં? એ બિચારીને ઘેર ક્યાં કદી કોઈ પ્રસંગ જ આવવાનો છે? છોને આવતી. લોકોની જોડે બક્ષીનેય ખબર પડે કે તેની પત્નીએ કોને નિમંત્રી છે!' પોતાની લાલચટ્ટક સાડીનો પલ્લું સરખો કરતી તે ફોઈને ઓળંગતી સરી ગઈ.

દૂર, મિ.બક્ષી પંડિત સાથે કશીક ભાંજગડમાં હતાં. ટોળામાં અટ્ટહાસ્ય પડઘાતું રહ્યું. કોઈ વળી ધીમેથી બોલ્યું: 'અ'લા, મુંડનના પ્રસંગનું કોઈ ગીત-બીત ખરું કે નહીં? સંગીત વિશારદ પધાર્યા છે તો ફરમાઈશ...' પણ ફોઈની આંખ રાતી થઇ કે શબ્દો ગળાઈ ગયાં.

પહેલી જ વાર એટલી શરમ આવી-આવી ફોઈ સાથે આવી જ શું કામ? લોહી ઊકળી ઊઠ્યું. આટલું અપમાન? થયું કે ત્યાં ને ત્યાં જ લાલચટ્ટક સાડીને ખરીખોટી ચોપડાવી દઉં. પણ ફોઈ તો એ જ મલકાટ સાથે છેક સુધી વિધિમાં બેસી રહી. ઉપરથી કંકુનો સાથિયો કરેલાં ટકલાના ઓવારણાં લઈને હાથમાં મોટી રકમનો વ્યવહારેય મૂક્યો. એવી દાઝ ચડી પણ સમસમીને બેસી રહેવું પડ્યું - તો શું ફોઈ અને મિ.બક્ષી વચ્ચે?...

માનો શબ્દ ક્યાંય સુધી ચકરાવો લેતો રહ્યો ક મ જા ત.

જમણવાર શરુ થયો. ફોઈ મારો હાથ પકડી દરવાજે

પહોંચી કે અચાનક લાલચટ્ટક સાડીનો ફરફરાટ નજીક ધસી આવ્યો. શુકનના નામે મીઠાઈનું બોક્સ ફોઈના હાથમાં પકડાવતાં તે બોલીઃ 'હું આપું કે બક્ષી, સરખું જ છે ને!'

ઘેર પાછા ફરતી વખતે પણ આખા રસ્તે ફોઈના ચહેરા પરનો પેલો મલકાટ સહેજેય ના ઝંખવાયો!

પણ એકાએક સાંકડી ગલી ગંધ મારવા લાગી. વિકએન્ડના ધામાં કદીક-મદીક ને છેવટે સાવ જ બંધ થઇ ગયાં. વળી એક સાંજે અચાનક ફોઈનો ફોન કોઈ બહાનું નહીં. આ રવિવારે વહેલી આવી જજે. પ્રસંગના દહાડે કામમાં મદદ રહે!

ઘસીને ના પાડવાનું મન થઇ આવેલું પણ ફોન તરત મૂકાઈ ગયો. ઠાંસી લીધું મનમાં આ છેલ્લી વાર. મા કંઇ ખોટી થોડી જ હોય? પણ પ્રસંગ....?

'સેતુ' એ/૧૦ની ઈંટેઈંટ ઝળહળતી હતી. રંગબેરંગી પટ્ટીઓથી છત સજેલી. સાંકડી ગલીનું આ ઘર આટલું સુંદર લાગી શકે કોને ખબર હતી? જાતજાતની મીઠાઈઓની સાથે કેક, પેસ્ટ્રી મૂકેલાં. અત્તરની સુગંધથી ઘર મહેકતું હતું. કાંજીવરમની સાડી પહેરેલી ફોઈ આવનારની અવાક આંખોને હસતી-હસતી સત્કારતી હતી. મોભાદાર લોકો પુષ્પગુચ્છ સાથે આવ્યે ગયાં: 'છોકરાં-છૈયા તો છે નહીં તો પછી...?' અવાક આંખો મિ.બક્ષીને શોધતી હતી. કોઈ ધીમેથી ગણગણ્યું: 'કોઈક કામે શહેર બહાર છે એ તો...' તેમની પત્ની આવી કે તરત ફોઈ છેક દરવાજા પાસે લેવા ગઈ.

ખુરશીઓ ભરાઈ ગઈ.

ફોઈ એક બાજઠ પર બેઠી. ન કોઈ ઘોષણા.. ન કોઈ મંત્રોચ્ચાર. લાંબા વાળ વચ્ચેથી એક લટ કપાઈ.

સિસકારા અને સ્તબ્ધતા વચ્ચે ફોઈ બાજઠ પરથી ઊભી થઇ. ગણગણાટ વચ્ચેથી સરકતી તે બક્ષીની પત્ની પાસે જઈને મોટેથી બોલીઃ 'સાંભળેલું કે ભણેલગણેલ લોકને કાદવ ઉછાળવામાં કોઈ રસ નથી હોતો. ઉપરથી મિ.બક્ષીએ તો નિખાલસતાના સંદર્ભે તમારું ઉદાહરણ આપી જે ભરોસાથી કહેલું... પણ મારી ભત્રીજી કે'કે તમને શું ખબર ફોઈ, કહેવાતા સુધરેલાંનેય માટીનો કીચડ કરવાની જે મજા પડે! તે મેં તો વળી શરત લગાડતા કહ્યું કે ભણેલી સ્ત્રીઓ કંઈ કીડીઓ થોડી જ છે કે પોતાની જમાતને ઓળખી ના શકે? પણ જુઓ ને, ગણિત કાચું પડ્યું મારું તો. તમારે ત્યાં પ્રસંગટાણે તેની જ આંખ સામે હારી ગઈ લો! મેં તો કહેલું તેને કે જો હારી તો લટ ઉતરાવી બાલાજીના ચરણે ધરી દેવાની આપણે...! મારે ઘેર તો કદી કોઈ પ્રસંગ આવવાનો નથી પણ આજકાલ તો લોકોય કેવાં-કેવાં સેલિબ્રેશન કરતા થઇ ગયા છે, તે થયું કે શરત હારવાની ખુશીમાં લટઉતારનું એક સેલિબ્રેશન જ થઇ જાય... એકદમ ન્યૂબ્રાંડ આઈડિયા... ખાઈ-પીને જલસા કરીએ એ બહાને હા..હા..હા...'

-તો આ મારી ફોઈ!

અભિમાનથી હું મરક-મરક હસતી હતી. ફોઈ ત્રાંસી નજરે મારી સામે જોઈને મલકાતાં હતાં. કેકનો એક મોટો ટુકડો હાથમાં લઈને બક્ષીની પત્નીના મોંમાં નાંખતા બોલતાં હતાઃ 'લો, આજે તો ડાયટિંગની ઐસી કી તૈસી... મોં મીઠું કરો. આવા સેલિબ્રેશનોમાં તમને બીજે ક્યાં મહાલવા મળવાનું છે!'

કેસરી રંગનો પાલવ ફેલાવતી ફોઈના નાકનો હીરો ઝગારા મારતો હતો.

આસિસ્ટન્ટ પ્રોફેસર ગુજરાતી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાતી યુનિવર્સિટી, ઉધના મગદલ્લા રોડ સૂરત-૩૯૫૦૦૭
મોબાઈલઃ ૯૪૦૯૫૬૫૦૦૫

॥ વિદ્યાવૃત્ત ॥

## સીવીએમ સંચાલિત એસ.ડી. દેસાઈ હાઈસ્કૂલ વલ્લભ વિદ્યાનગરનો ખેલ મહાકુંભ ૨૦૧૯-૨૦માં ઝળવળતો દેખાવ

એસ.ડી.દેસાઈના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ ૨૦૧૯-૨૦ અંતર્ગત યોજાયેલ કુસ્તી, જૂડો, રસ્સાખેંચ અને યોગાસન સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી કુલ ૨,૭૯,૦૦૦ રૂ/- ની રાશી ઈનામ સ્વરૂપે પ્રાપ્ત કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય કક્ષાએ ત્રણ વિદ્યાર્થિનીઓએ કુસ્તીમા બ્રોન્ઝ મેડલ તથા એક વિદ્યાર્થીએ સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે. શાળાના જુના વિદ્યાર્થીઓએ જૂડો, કુસ્તી જેવી સ્પર્ધાઓમા ૧૭ વર્ષથી ઉપરના વયજૂથમાં ભાગ લઈ પ્રથમ, દ્વિતિય, તૃતિય નંબર પ્રાપ્ત કરી રોકડ ઈનામ મેળવેલ છે.

## || Book Review ||

### History of Higher Education in India with Focus on Gujarat.

(Author: D. P. Chhaya, Mahajan Publishing House, 2019, pp. 220, Rs.300/-)

**Rajendrasinh Jadeja**

The development of higher education in India is a relatively recent phenomenon. That, of course, needs to be qualified by an aside that in saying this, we are not referring to the phenomenon of 'higher learning' in India. However, it remains to be noted that Higher Education as we understand it today in terms of our modern education system, is a result of our association with the western world, and is more talked about than written about in a systematic manner.

In view of this, one feels that the publication of this book fills a significant gap in our knowledge about the creation and dissemination of knowledge in our universities. It focuses on the development of higher education as a system in the country, with a special focus on Gujarat. The book is spread over ten well organized chapters followed by a bibliography and a list of abbreviations used.

After presenting a brief preamble and an introductory profile of the author in the first chapter, the book begins serious discussion of the topic in the second chapter, which is devoted to the development of higher education in India before Independence. The next chapter is devoted to the developments after Independence. The chapter that follows presents a panoramic view of the challenges faced by us in early twentieth century. The author, after discussing the relevant challenges, presents his insightful analysis of the various steps taken by the authorities to meet the challenges. The overview shows that immediately before independence, India had 20 universities, 500 colleges, 6000 teachers/ professors, and student enrollment was around one lakh.

What may perhaps interest the present-day readers more is the elaborate and enlightening discussion in the next chapter about the significant features of higher education after independence. The author is well versed with the system and hence he presents a good grasp of the various categories like

- » Affiliated colleges,
- » Constituent colleges,
- » Autonomous Colleges,
- » Deemed to be Universities,
- » De-novo Deemed to be Universities,
- » Statutory Universities,
- » Centres of National Importance [like IITs and IIMs),
- » Institute of Eminence

And so on. He aptly quotes Nehru, "The University Education stands for humanism, for tolerance, for reason, for adventure of ideas and for the search of truth." He has also highlighted the fact of privatization of higher education in India, and commented on the difference between the public universities and the private ones. The discussion then leads to the role of NAAC and NBA, which is helpful for new entrants.

Beginning with the sixth chapter, the focus narrows down to central issues of higher education in Gujarat. The author has done well to include in his purview certain institutions like Gujarat Vidyapith, PRL, ATIRA, Lokbharati-Sanosara and Central Salt and Marine Chemical Research Institute, Bhavnagar. The next chapter goes on to discuss the various measures adopted by state governments from time to time for the enhancement of the sector after formation of the state in 1961. After this a whole chapter is devoted to the issues of privatization of higher education institutions in Gujarat. This includes a brief but succinct discussion of the Common Private University Act.

Shri Chhaya displays a deep insight into the working of the system and the many hurdles in its path when he touches upon issues like the functioning of the Fees

Regulatory Committee and the Admission Committee. Similarly his introductory comments on the special institutions like the Lakulish Yoga University and the Children's University is rich in its informative value.

The last chapter of the book focuses on the establishment of KCG – the Knowledge Consortium of Gujarat and the Higher Education Council. The author has not only reported the factual details of their establishment, but also pointed out certain lacuna in their functioning due to uneven structures of various public and private universities and provision of designated heads such as the Vice-chancellor in some of them.

On the whole, the book is a welcome addition to the existing pool of knowledge regarding provision and functioning of Higher education in Gujarat.

Hon. Director-H.M.Patel Career Devlopment Centre,
Charutar Vidyamandal Vallabh Vidyanagar,
rs.jadeja@gmail.com, Mo.9375031402

॥ વિદ્યાવૃત્ત ॥

## ચારુતર વિદ્યામંડળ દ્વારા વાહકજન્ય રોગોના અટકાવ માટે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન

ચારુતર વિદ્યામંડળ (સીવીએમ)ના નોન-એકેડેમિક ફોરમ અંતર્ગત માય કેમ્પસ ક્લીન કેમ્પસ વિભાગ દ્વારા સીવીએમના ઉપપ્રમુખશ્રી મનિષભાઈ પટેલના અધ્યક્ષપણા હેઠળ ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકુનગુનિયા જેવા વાહકજન્ય રોગોના અટકાવ વિષય પર એક જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન એન. વિ. પટેલ સાયન્સ કોલેજના ઓડિટોરિયમમાં કરવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયત-આણંદ, જિલ્લા આરોગ્ય કેન્દ્ર-આણંદ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- બાકરોલના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ કાર્યક્રમમાં સીવીએમના માનદ સહમંત્રી શ્રી વિશાલભાઈ પટેલ, નોન-એકેડેમિક ફોરમના કો-ઓર્ડીનેટર ડો. ભાવેશભાઈ પટેલ તથા સીવીએમની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના એનએસએસ પ્રોગ્રામ ઓફિસર્સ, હોસ્ટેલ્સના રેક્ટર્સ, અધ્યાપકગણ તથા વિદ્યાર્થીઓની હાજરીમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, બાકરોલના આરોગ્ય અધિકારી ડો. રાજેશભાઈ પટેલે પ્રસ્તુત વિષય પર વિસ્તૃત જાણકારી આપી સમાજમાં જરૂરી જાગરુકતા ફેલાવવા સહુનો સહકાર માંગ્યો હતો. શ્રી મનિષભાઈ પટેલે વૈયક્તિક જાગરુકતાને અનિવાર્ય જણાવી પોતાની સંસ્થાઓ તેમજ આસપાસના પર્યાવરણની સ્વચ્છતા જાળવવા સહુને અનુરોધ કર્યો હતો. કાર્યક્રમના સૂત્રધાર તરીકે એન.વિ.પાસ કોલેજના એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર પ્રા. કાર્તિક જગતાપે જવાબદારી નિભાવી હતી.

॥ વિદ્યાવૃત્ત ॥

## સેમકોમ કોલેજ ખાતે ટ્રાફિક જાગૃતિ અંગે કાર્યશાળા યોજાઈ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજની એન એસ એસ પાંખ અને આણંદ સુરક્ષા સેતુ સોસાયટીના સહીયારા ઉપક્રમે ટ્રાફિક જાગૃતિ અંગે દસ્તાવેજી ચલચિત્રનું આયોજન કરાયુ હતુ. આ દસ્તાવેજી ચલચિત્રના માધ્યમથી વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમો અને રોડ સુરક્ષા વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. વિદ્યાનગર ટાઉન પોલીસના કોન્સ્ટેબલ મિ. અબ્દુલ જબ્બાર અને સુરક્ષા સેતુના મિ. મનિષભાઈ પરમાર દ્વારા વિદ્યાર્થી ઓને ટ્રાફિક નિયમ સાથે જીદંગીની મહત્તા ઉપર ગહન માહિતી આપી હતી. વિદ્યાર્થીઓને ૧૮૧ અભયમ એપ અને તેની સ્ત્રીઓ માટે ઉપયોગીતા વિશે પણ માહિતગાર કરાયા હતા.

આચાર્યા ડૉ. વહિદા થોમસના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી મધ્યસ્થ સમિતીના ઉપપ્રમુખ ડૉ. સ્વાતી પરબ, એને.એસ.એસ પાંખના પ્રોગ્રામ ઓફિસર ડૉ. રીના દવે, ડૉ. જૈમિન ત્રિવેદી અને મિસ જેનિતા પટેલે આ કાર્યક્રમ સફળ બનાવવા પ્રયાસ કર્યા હતા.

## બેડમિંટન સામ્રાજ્ઞીઃ પી.વી. સિંધુ

**પી.ડી. શર્મા**



આ વર્ષે પી.વી.સિંધુએ સ્વિત્ઝરલેન્ડમાં બાસેલ મુકામે આયોજિત વર્લ્ડ બેડમિંટન ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ સર્જ્યો હતો. કારણ કે ભારતીય બેડમિંટનમાં અત્યાર સુધી સિલ્વર સ્ટાર તરીકેની ઓળખ ધરાવતી પુસાર્લા વેંકટા સિંધુએ આખરે તેની પ્રતિભાનું પ્રમાણ આપતા 'ગોલ્ડન ગર્લ' તરીકેની તેની ઓળખ પ્રસ્થાપિત કરી હતી. એટલું જ નહિ પણ આ જીતની સાથે સિંધુએ બે વર્ષ પહેલા વર્લ્ડ બેડમિંટન ચેમ્પિયનશીપની ફાઈનલમાં મળેલી હારનો બદલો પણ વાળી દીધો હતો. સિંધુએ કારકિર્દીનો સૌ પ્રથમ વર્લ્ડ ચેમ્પિયનશીપ ગોલ્ડ મેડલ તેની માતાને અર્પણ કર્યો હતો. વર્લ્ડ ટાઈટલ જીત્યા બાદ ખુશખુશાલ સિંધુએ કહ્યું હતું કે આ ગોલ્ડ મેડલ મારા માટે ખાસ એટલા માટે પણ છે કે આજે મારી માતાનો જન્મદિવસ છે અને હું આ ગોલ્ડ મેડલ મારી માતાને અર્પણ કરું છું. આ સાથે મારા કોચ પી.ગોપીચંદ અને સાઉથ કોરિયન કોચ કિમ જી હ્યુનનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું. તેમજ પ્રેક્ષકોના સપોર્ટ બદલ પણ આભાર વ્યક્ત કરું છું. આ વાત પણ નોંધપાત્ર છે કે સિંધુ વર્લ્ડ બેડમિંટન ચેમ્પિયનશીપમાં માત્ર એવી ચોથી સિંગલ્સ ખેલાડી બની છે કે જે ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ એમ ત્રણેય મેડલ જીતી હોય.

### સ્વદેશ આગમન સમયે ભવ્ય સ્વાગત

જ્યારે પી.વી.સિંધુ સ્વિત્ઝરલેન્ડમાં રમાયેલી વર્લ્ડ બેડમિંટન ચેમ્પિયનશીપમાંથી પરત આવી હતી ત્યારે નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર તેમના ચાહકો, ભારતીય રમત જગત અને બેડમિંટન એસોસિએશનના ઓફિસિયલ્સ, પરિવારના સભ્યો તેમજ મિત્રો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને ઉમળકા ભેર આવકાર આપ્યો હતો. સ્વદેશ આગમન સમયે ભવ્ય આવકાર મેળવનારી સિંધુ ભારે રોમાંચિત થઈ ગઈ હતી. તેણે કહ્યું કે હું ખૂબ જ ખુશ છું અને મને મારા દેશ પર ગર્વ છે. આ વિજય મેળવવા માટે ઘણી રાહ જોવી પડી પણ આખરે તે મને પ્રાપ્ત થયો છે, જે મારા માટે આનંદની વાત છે.

### રમતમંત્રી તથા વડાપ્રધાન સાથે મુલાકાત

એરપોર્ટથી પી.વી.સિંધુ તેના તાલિમ નિર્દેશકો અને પરિવારના સભ્યો સાથે કેન્દ્રીય રમતમંત્રી શ્રી કિરણ રિજિજૂને મળવા ગયા હતા. રમતમંત્રીએ ભારત સરકાર તરફથી સિંધુને ૧૦ લાખ રૂપિયાનો ચેક ઈનામ પેટે એનાયત કર્યો હતો. ત્યારબાદ બધા જ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની મુલાકાતે ગયા હતા. વડા પ્રધાન મોદીએ તેમના હસ્તે સિંધુને વર્લ્ડ ચેમ્પિયનશીપનો ગોલ્ડ મેડલ પહેરાવ્યો હતો અને તેમણે સિંધુને 'ભારતના ગૌરવ' તરીકે ઓળખાવી હતી. પી.વી.સિંધુ મોટ આ ખૂબ જ યાદગાર બાબત ગણાય.

### ખેલપ્રિય પરિવારમાં જન્મ

પી.વી.સિંધુનો જન્મ ૫ જુલાઈ, ૧૯૯૫ના રોજ હૈદ્રાબાદ મુકામે એક ખેલપ્રિય પરિવારમાં થયો હતો. પી.વી. સિંધુના પિતાશ્રી પી.વી. રામના તથા માતાશ્રી પી.વિજયાને વોલીબોલની રમત માટે 'અર્જુન એવોર્ડ' પણ એનાયત થયો હતો. શરૂઆતમાં પી.વી.સિંધુ પણ વોલીબોલની રમત રમતી હતી. વર્ષ ૨૦૦૧માં ભારતના બેડમિંટિન ખેલાડી પી. ગોપીચંદે 'ઓલ ઈંગ્લેન્ડ ઓપન બેડમિંટન ચેમ્પિયનશીપ' જીતી હતી. પી.વી.સિંધુએ તેમાંથી પ્રેરણા લઈને ફક્ત આઠ વર્ષની ઉંમરથી જ બેડમિંટન રમવાની શરૂઆત કરી હતી.

### યોગ્ય માર્ગદર્શન

ભારતના મહાન બેડમિંટન ખેલાડી પી.ગોપીચંદ 'ઓલ ઈંગ્લેન્ડ ઓપન બેડમિંટન ચેમ્પિયનશીપ'માં વિજેતા બન્યા પછી ભારતમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના બેડમિંટન ખેલાડીઓ તૈયાર થાય તે દષ્ટિએ આંધ્રપ્રદેશની સરકારે અન્ય સંસ્થાઓની મદદથી હૈદ્રાબાદ મુકામે 'પી. ગોપીચંદ બેડમિંટન એકેડમી'ની સ્થાપના કરી હતી. તેમની પત્ની પી.વી.વી.લક્ષ્મી પણ બેડમિંટનની આંતરરાષ્ટ્રીય કક્ષાની ખેલાડી હોવાથી બન્ને જણાની સતત અને સખત મહનતને કારણે આ એકેડમીએ રાષ્ટ્રીય સ્તરે ખૂબ જ નામના મેળવી હતી. આજે ભારતના બધાજ આંતરરાષ્ટ્રીય કક્ષાના બેડમિંટન ખેલાડીઓ જેવા કે સાયના નહેવાલ, પી.કશ્યપ,

કે.શ્રીકાંત, સાઈ પ્રણિત, એસ.એસ.પ્રણોય વગેરે આ એકેડમીના જ ખેલાડીઓ છે. પી.વી.સિંધુએ પી.ગોપીચંદની એકેડમીમાં નાની ઉંમરથી જ પ્રવેશ મેળવીને સતત અને સખત બેડમિંટનની પ્રેકટીસ શરૂ કરી હતી અને તેથી જ ૨૦૧૦માં તેમની પસંદગી 'ઉબેર કપ' માટે ભારતની 'રાષ્ટ્રીય ટીમ'માં થઈ હતી. હાલમાં પી.ગોપીચંદ ભારતના બેડમિંટન ટીમના સિનિયર કોચ છે. એટલે દરેક રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાની બેડમિંટન ટુર્નામેન્ટસમાં પી.વી. સિંધુ તેમના માર્ગદર્શન હેઠળ રમતી હતી તથા અકલ્પનીય સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. બીજા શબ્દોમાં કહીએ તો પી.વી. સિંધુની બધી જ સિદ્ધિઓ પાછળ પી.ગોપીચંદનું યોગ્ય માર્ગદર્શન જ મુખ્યરૂપથી જવાબદાર છે. પી.વી.સિંધુ પણ આ વાતને માને છે.

### રિયો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ

૨૦૧૬માં બ્રાઝિલમાં રિયો-ડી-જાનેરો મુકામે આયોજિત ઓલિમ્પિક રમતોત્સવમાં પી.વી.સિંધુએ બેડમિંટનમાં ભાગ લઈ અકલ્પનીય દેખાવ કર્યો હતો અને ફાઈનલમાં પ્રવેશી હતી. ઓલિમ્પિક્સમાં બેડમિંટનની ફાઈનલમાં પ્રવેશનારી તેઓ પ્રથમ ભારતીય મહિલા ખેલાડી હતી. ફાઈનલમાં તેમનો મુકાબલો સ્પેનની કારોલિના મરીન સામે હતો. ફાઈનલમાં તેઓએ ખૂબજ સરસ રમત બતાવી હતી પરંતુ વિજય પ્રાપ્ત કરી શક્યા નહિ તેથી 'સિલ્વર મેડલ' પ્રાપ્ત કરી શક્યા હતા. ઓલમ્પિક્સમાં 'સિલ્વર મેડલ' પણ મહાન સિદ્ધિ ગણાય. કારણ કે અત્યાર સુધી ઓલિમ્પિક્સના ઈતિહાસમાં 'સિલ્વર મેડલ' જીતનાર તેઓ એકમાત્ર ભારતીય મહિલા ખેલાડી છે. આ સિદ્ધિ બદલ ભારત સરકાર દ્વારા તેઓને 'રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો.

### અન્ય આંતરરાષ્ટ્રીય સિદ્ધિઓ

વર્ષ ૨૦૧૯માં વર્લ્ડ બેડમિંટન ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ તથા વર્ષ ૨૦૧૬માં ઓલિમ્પિકસમાં સિલ્વર મેડલ ઉપરાંત પી.વી.સિંધુએ વર્ષ ૨૦૧૩થી સતત આંતરરાષ્ટ્રીય કક્ષાએ બેડમિંટનમાં ઘણા બધા મેડલ્સ જીત્યા છે, દા.ત. વર્ષ ૨૦૧૩માં ચીનમાં આયોજિત વર્લ્ડ બેડમિંટન ચેમ્પિયનશીપમાં બ્રોન્ઝ મેડલ, ૨૦૧૪માં આયોજિત વર્લ્ડ બેડમિંટન ચેમ્પિયનશીપમાં બ્રોન્ઝ મેડલ ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ અને ૨૦૧૪માં જ એશિયન ચેમ્પિયનશીપમાં બ્રોન્ઝ મેડલ. વર્ષ ૨૦૧૪માં બેડમિંડનમાં સર્વશ્રેષ્ઠ દેખાવ બદલ ભારત સરકારે ૨૦૧૫માં પી.વી.સિંધુને 'પદ્મશ્રી' એનાયત કર્યો હતો. ૨૦૧૬માં સાઉથ એશિયન ગેમ્સમાં સિલ્વર મેડલ તથા ૨૦૧૭માં ઈંગ્લેન્ડમાં આયોજિત વર્લ્ડ બેડમિંટન ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ જીત્યો હતો. વર્ષ ૨૦૧૮માં તો. પી.વી. સિંધુએ અકલ્પનીય દેખાવ કરીને ચીનમાં આયોજિત વર્લ્ડ બેડમિંટન ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ, જકાર્તામાં આયોજિત એશિયન ગેમ્સમાં સિલ્વર મેડલ, દુબઈમાં આયોજિત માસ્ટર્સ ઓપન બેડમિંડન ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ તથા ઓસ્ટ્રેલિયામાં ગોલ્ડકોસ્ટ મુકામે કોમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. આ રીતે વર્ષ ૨૦૧૩ થી અત્યાર સુધી પી.વી. સિંધુએ વિશ્વકક્ષાએ બેડમિંટનમાં અકલ્પનીય સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે.

### બાયોપિકની તૈયારી

ભારતની આ મહાન બેડમિંટન ખેલાડી માટે નિર્માતા સોનૂ સૂદે બાયોપિક માટેની સંપૂર્ણ તૈયારી કરી લીધી છે. સોનૂ સૂદે પી.વી.સિંધુના પાત્ર માટે દીપિકા પદુકોણની પસંદગી કરવા માંગે છે. પી.વી.સિંધુની પોતાની ઈચ્છા પણ એ જ છે. કારણ કે દીપિકા પદુકોણ બેડમિંટન રમતથી વાકેફ છે તેથી તે ફિલ્મમાં પાત્રને વધુ યોગ્ય ન્યાય આપી શકશે. આશા રાખીએ કે સોનૂ સૂદની પી.વી.સિંધુ પરની બાયોપિક વહેલામાં વહેલી જોવા મળે.

### ૨૦૨૦ ટોકયો ઓલ્મ્પિકસ

૨૦૨૦માં ૨૪ જુલાઈથી ૯ ઓગસ્ટ દરમ્યાન જાપાનમાં ટોકયો મુકામે ઓલિમ્પિક્સ આયોજિત થશે. અત્યાર સુધી ઓલિમ્પિકસમાં કોઈ પણ રમતમાં કોઈ પણ ભારતીય મહિલા ખેલાડીએ 'ગોલ્ડ મેડલ' જીત્યો નથી. અત્યારે પી.વી. સિંધુ સંપૂર્ણ એકાગ્રતા સાથે ટોકયો ઓલિમ્પિક્સમાં 'ગોલ્ડમેડલ' પ્રાપ્ત થાય તેની સખત તૈયારી કરી રહી છે. ૨૦૧૬ રિયો ઓલિમ્પિક્સમાં તેઓ સિલ્વર મેડલ જીતી ચુકી છે. એટલે ૨૦૧૯માં વર્લ્ડ બેડમિંટન ચેમ્પિયનશીપમાં મેળવેલ 'ગોલ્ડ મેડલ' થી પ્રેરણા લઈને ૨૦૨૦ ટોકયો ઓલિમ્પિક્સમાં પણ 'ગોલ્ડ મેડલ' જીતીને ઈતિહાસ સર્જે એવી ઈશ્વરને પ્રાર્થના સાથે પી.વી.સિંધુને શુભેચ્છાઓ.

---

B-1 Swiss Avenue, Patel Colony, Opp
Manekbaug Hall, Ambawadi,
Ahmedabad-380 015. (R) 079-26564650
(M) 9898870840



ચારુતર વિદ્યામંડળ સંચાલિત એરીબાસ અને આઈસ્ટાર કોલેજનાં સંયુક્ત ઉપક્રમે ઉદ્યોગ સાહસિક જાગૃતિ કેમ્પનું આયોજન ભારત સરકારના ડિપાર્ટમેંટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી તેમજ ઉદ્યોગ સાહસિક વિકાસ સંસ્થાના નેજા હેઠળ રાષ્ટ્રીય વિજ્ઞાન અને તકનીકી ઉદ્યમ વિકાસ મંડળના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંચસ્થ મુખ્ય અતિથિ ડો. એસ. જી પટેલ (માનદ્ મંત્રી સી. વી. એમ), શ્રી મનીષભાઈ એસ. પટેલ (વાઇસ પ્રેસિડેંટ, સી.વી.એમ) એરિબાસ સંસ્થાના ઇન-ચાર્જ હેડ અને કન્વીનર ડો. ભક્તિ બાજપાઈ, કો-ઓર્ડિનેટર ડો. અરુણાભ મિશ્રા અને ડો.રીતુ દીક્ષિત દશ્યમાન થાય છે અન્ય તસવીરોમાં પ્રાસંગીક ઉદ્‌બોધન કરતા શ્રી મનીષભાઈ તથા મુખ્ય વક્તા નજરે પડે છે.




સીવીએમ સંચાલીત આઈ.બી.પટેલ ઈંગ્લિશ સ્કૂલ માધ્યમિક વિભાગ ધો.: ૧૦નાં વિદ્યાર્થી અજય રઘુવીર પ્રજાપતિએ અલ્વર (રાજસ્થાન)માં યોજાયેલ રાષ્ટીય સ્તરની દોડ સ્પર્ધા ૧૦૦*૪ મીટર રીલેમાં સુવર્ણ ચંદ્રક અને ૨૦૦ મીટરની દોડમાં રજત ચંદ્રક મેળવ્યો હતો. આ બદલ શાળાના આચાર્યશ્રી ડૉ. મહેશભાઈ ખ્રીસ્તી, વ્યાયામ શિક્ષક શ્રી મહેશભાઈ પટેલ તથા અજય પ્રજાપતિને અભિનંદન પાઠવતા સીવીએમના ચેરમેન શ્રી ભીખુભાઈ પટેલ તથા માનદ્ મંત્રી શ્રી ડૉ એસ. જી. પટેલ દશ્યમાન થાય છે.

November 2019

V-Vidyanagar 21 (11)
Published on 05.11.2019
No. of Pages 36 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2018-20
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month




29 November 1469 – 22 September 1539

**Editor: Dr. Urvish Chhaya || Printed at Lajja Communications, Vidyanagar 388 120**
Printed, Published and owned by Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)